પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષ:૨૫, અંક:૩૧, કુલ પાના:૪, તારીખ: ૨૮-૦૯-૨૦૨૧ મંગળવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 31 PRICE :-RS. 1.50 DATE : 28-09-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678
પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કોરોના મુદ્દે કોંગ્રેસના નારા, હંગામો સાથે વિધાનસભામાંથી વોકઆઉટ

# ગુજરાતની નવી સરકાર સામે વિપક્ષ મજબૂત સાબિત



ગાંધીનગર,

વિધાનસભા સત્રના શરૂઆત પૂર્વે જ કોંગ્રેસના બે ધારાસભ્ય ગ્યાસુદીન શેખ અને ઈમરાન ખેડાવાલાએ પરિસરમાં કોવિડના મૃતક પરિવારને ૪ લાખની સહાયની માંગણી સાથેના બેનરો અને ડોકટરના એપ્રન પહેરીને વિરોધ વ્યકત કર્યો હતો. વિધાનસભાની અંદર અને બહાર કોંગ્રેસના સંભવિત વિરોધને લઈને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે, વિધાનસભા તરફ જતી ગાડીઓનું પણ ચેકીંગ ધરવામાં આવ્યું હતું.આજે ગુજરાત વિધાનસભાનું સત્ર શરૂ થયું છે ત્યારે નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નવા મંત્રીઓનું મંત્રી તરીકેનું આ પહેલું સત્ર છે. વિરોધપક્ષ કોંગ્રેસ મંદી, મોઘવારી, બેરોજગારી, અત્યાચાર, ભ્રષ્ટાચાર, કોરોના પીડિત લોકોની પિડા અને વેદનાને વાચા અપાવા આક્રમક વ્યુહ અપનાવવાની તૈયારી કરી છે. બીજીતરફ પ્રશ્નોત્તરી દરમિયાન એમડી ડ્રગ્સ મુદ્દે વિપક્ષના આક્રમણ સામે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ઝઝૂમ્યાં હતા. ત્યારે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અંદરોઅંદર ગુફતેગુ કરવામાં વ્યસ્ત હતા. જેથી નવા નિમાવેલા મંત્રીઓમાં એક પ્રકારનો રોષ જોવા મળ્યો હતો કે, પૂર્વ સીએમ અને નાયબ સીએમએ સાથે આપવાની જગ્યાએ ચુપ બેસી રહ્યા. કોરોના મદ્દે વિધાનસભામાં કોંગ્રેસએ હોબાળો કર્યો હતો. ન્યાય આપો ન્યાય આપો કોરોનાના મૃતકોને ન્યાય આપો ના સૂત્રોચાર કરી કોંગ્રેસે આજે પ્રથમ દિવસે વિધાનસભા ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. ગુજરાત વિધાનસભામાં શોક દર્શક ઉલ્લેખો બાદ ગુજરાતના કોરોનાથી મૃત્યુ પામેલા નાગરિકોના શોક ઠરાવ અંગે કોંગ્રેસે વોકઆઉટ કર્યો હતો.ગુજરાતમાં ૧૪ દિવસ પહેલા બનેલી નવી ભૂપેન્દ્ર પટેલની સરકારની પ્રથમ કસોટી વિધાનસભાના માત્ર બે દિવસના ટૂંકા સત્રમાં શરૂ થઈ ગઈ છે. ગુજરાતમાં મુખ્યમંત્રી સહિત તમામ મંત્રીઓ નવા નીશાળીયા હોવાથી વિધાનસભાની કાર્યવાહીથી માંડીને વિરોધ પક્ષના આક્રમક પ્રશ્નો અને આક્ષેપોનો સામનો કરવો ઘણો કઢીન બની શકે તેમ હોવાથી પૂર્વ મુખ્યમંત્રી સહિત જુના મંત્રીઓ ભાજપ દ્વારા ખાસ સૂચના આપીને વિધાનસભા સત્રમાં નવી સરકારને કોંગ્રેસ ભીંસમાં ના લઈ શકે તે માટે તેમની સાથે રહેવા માટે કહેવામાં આવ્યું છે. નવા મંત્રીઓ અને ભૂપેન્દ્ર પટેલના સામે પડકારો હોય તે માટે ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલે ગૃહ શરૂ થતાં પહેલાં જ ધારાસભ્યોને માર્ગદર્શન આપ્યું હતું. ભાજપના દંડકની ઓફિસમાં સીઆર પાટિલના અધ્યક્ષ સ્થાને ભાજપના ધારાસભ્યોની બેઠક મળી હતી. જેમાં વિપક્ષના હલ્લાબોલની મજબૂતાઈથી કેવી રીતે જવાન આપવો તે અંગે સીઆર એ ધારાસભ્યોને શીખવાડ્યું હતું. ગૃહ શરૂ થયા બાદ સીઆર પાટીલે પ્રેક્ષક ગેલેરીમાંથી નવા મંત્રી મંડળની કામગીરી નિહાળી હતી. પાટીલની સાથે ૪ મહામંત્રીઓ પણ હાજર રહ્યા હતા. આજે જયારે ડ્રગ્સના લઈને પક્ષમાં પરેશ ધાનાણીએ ઉગ્ર વાત કરી ત્યારે એક સમયે વરિષ્ઠ નેતાઓની કમી ભાજપના નવા મંત્રીઓમાં દેખાવ મળી હતી. વિધાનસભા ગૃહની બહાર લોબીમાં પક્ષ અને વિપક્ષના અનેક કાર્યકરો અને મુલાકાતીઓ આવ્યા હતાં. લોબીમાં પણ લોકોની વધુ અવરજવરના કારણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તમામ ચેમ્બરની અંદર બેસીને લોકો વિધાનસભામાં ચાલતી પ્રશ્નોતરી સાંભળી હતી.

## ગુજરાત વિધાનસભામાં ચોમાસું સત્રનો પ્રારંભ

ગાંધીનગર,

વિધાનસભા બાદ સૌથી વધુ ધ્યાન ખેંચનાર મુદ્દો ઉપાધ્યક્ષની ચૂંટણીનો હશે. કેમ કે, આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંનેમાંથી એક-એક ઉમેદવારે ફોર્મ ભર્યું છે. ભાજપમાંથી જેઠા ભરવાડા અને કોંગ્રેસમાંથી અનિલ જોશિયારાએ ફોર્મ કર્યું છે. જો કે, ફોર્મ પાછું ખેંચવામાં નથી આવ્યું એટલે ચૂંટણી યોજાશે અને રસપ્રદ બનશે. સ્વાભાવિક છે કે, સંખ્યાબળની દ્રષ્ટીએ ભાજપના ઉમેદવાર જેઠા ભરવાડની જીત નિશ્ચિત માનવામાં આવી રહી છે. પરંતુ ચૂંટણી રસપ્રદ બને તેવું લાગી રહ્યું છે કેમ કે, કોંગ્રેસના શાબ્દિક ચાબખાઓ સહન કરવાનો રાજ્ય સરકારનો વારો આવશે. તો બેઠકના અંતે સરકારી વિધેયકો ગૃહમાં રજૂ કરવામાં આવશે. એકંદરે આજના આ સત્રની કામગીરી સૌનું ધ્યાન ખેંચે એવી બનશે.ગુજરાત વિધાનસભામાં આજથી ચોમાસું સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે બે દિવસના ટૂંકા સત્રમાં આજનો દિવસ ખુબ જ મહત્વનો માનવામાં આવી રહ્યો છે. કેમ કે, વિધાનસભાને પ્રથમ મહિલા સ્પિકર અધ્યક્ષ મળશે. જે પ્રકારે નિમાબેન આચાર્યનો બહોળો અનુભવ છે અને ધારાસભ્ય તરીકે અને ખાસ કરીને લાંબા સમયથી અધ્યક્ષ તરીકે જે અધ્યક્ષની ગેરહાજરીમાં બેસતી પેનલમાં નોમીની તરીકે પણ તેઓ પોતાની ફરજ અદા કરી ચૂક્યા છે. ત્યારે હવે વિધાનસભાનું સંચાલન નિમાબેન આચાર્ય સાથે કરવામાં આવશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા નિમાબેન આચાર્યનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે અને સર્વાનુમતે તેમની અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવશે. આજના દિવસની સૌથી મહત્વની બાબત જે છે તે છે પ્રશ્નોત્તરી કાળ છે. પ્રશ્નોત્તરી કાળમાં વિરોધ પક્ષ જે ઘેરાવાનો પ્રયત્ન કરશે તેનો મુખ્યમંત્રીથી લઈને તમામ મંત્રીઓ પ્રતિઉત્તર આપશે. આ એક ઐતિહાસિક ઘડી છે કેમ કે, વિધાનસભા જ્યારે પ્રથમવાર મળી હતી ત્યારે પ્રથવ વખત એવું બન્યું હતું કે, તમામ મંત્રીઓ નવા હતા અને આજે આટલા વર્ષો બાદ જ્યારે વિધાનસભા સત્ર મળી રહ્યું છે ત્યારે પ્રથમ વખત તમામ મંત્રીઓ નવા હશે.

## સરકારની સ્પષ્ટતા મધ્યાહન ભોજનમાં અપાતા ફોર્ટીફાઈડ ચોખા પ્લાસ્ટિકના દાણા નથી



ગાંધીનગર,

ગુજરાત સરકારે જણાવ્યું હતું કે, વસ્તી વધવા સાથે શહેરીકરણમાં હરણફાળ ભરી રહેલા ગુજરાતમાં ઝડપી આર્થિક વિકાસ થયો છે. કુપોષણ, એનિમિયા, આર્યનની ઉણપ, સૂક્ષ્મ પોષકતત્વોની ઉણપ રોકવા ફુડ ફોર્ટીફિકેશન એ એક સફળ વ્યૂહરચના છે. જેનાથી આહારની ટેવ બદલ્યા વિના આહાર વધુ પોષક બનાવી શકાય છે. ચોખાનું ફોર્ટીફિકેશન એ ચોખામાં આવશ્યક સૂક્ષ્મ પોષકતત્વોમાં વધારો કરવાની પ્રક્રિયા છે. શરીરમાં રહેલા આયર્ન સ્ટોર્સ સુધારવા માટેની વ્યૂહરચના તરીકે ફોર્ટીફાઈડ ચોખાની અસરકારકતાના વૈધાનિક પુરાવા ઉપલબ્ધ છે. સરકારે જણાવ્યું હતું કે, ફોર્ટીફાઈડ રાઈસ કર્નલ્સ અથવા હ્લઈદ્ઘ તરીકે ઓળખાતા ચોખાના આકારના દાણા એ ચોખાના લોટ, વિટામીન અને ખનીજોથી બનેલા હોય છે. જે કદ તથા આકારમાં પોલિશ્ડ કાચા ચોખા અથવા સાદા ચોખાના દાણા જેવા લાગે છે. આ ફોર્ટીફાઈડ ચોખાના દાણા સફાઈ કે ધોયા બાદ અને રસોઈ કર્યા પછી પણ પોષક તત્વો જાળવી રાખે છે. તેના રંગ અને આકારમાં થોડો ફેરફાર હોઈ શકે છે. યોગ્ય માત્રામાં ફોર્ટીફાઈડ કરવામાં આવેલા આ ફોર્ટીફાઈડ ચોખાથી બનેલી કોઈપણ વાનગીનો રંગ બદલાતો નથી. આ ફોર્ટીફાઈડ રાઈસ કર્નલ અને પ્લાસ્ટિકના દાણા નથી. પણ આયર્ન, ઝીક, ફોલિક એસિડ અને વિટામીન બી૧૨ ના બનેલ ચોખાના દાણા છે. જે કુપોષણ નિવારણમાં તથા રોગપ્રતિકારક શકિત વધારવામાં ખૂબ જ ઉપયોગી છે એમ નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજનાની યાદીમાં જણાવાયું છેગુજરાત સરકારે જણાવ્યું હતું કે, મધ્યાહન ભોજન યોજનામાં ફોર્ટીફાઈડ ચોખાનો ઉપયોગ તે કુપોષણ નિવારણ માટેનો કેન્દ્ર સરકારનો મહત્વનો પ્રોજેકટ છે, જેમાં સરકારે રાજ્યના તમામ જિલ્લાઓમાં મધ્યાહન ભોજન યોજના હેઠળ ફોર્ટીફાઈડ ચોખાનો ઉપયોગ ફરજિયાત કર્યો છે. ફોર્ટીફાઈડ ચોખામાં આયર્ન, ફોલિક એસિડ અને વિટામીન બી-૧૨ જેવા ભરપૂર પોષકતત્વો હોવાથી ખોરાકની પોષણ-ગુણવત્તામાં વધારો થાય છે. તે આરોગ્ય માટે લાભદાયી હોવાથી લાભાર્થી વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક વિકાસમાં ખૂબ ઉપયોગી નીવડે છે. ભારતના ફુડ સેફટી સ્ટાન્ડર્ડ્સ ઓથોરીટી(FSSA)એ વર્ષ ૨૦૧૬માં આયર્ન, ફોલિક એસિડ અને વિટામીન બી ૧૨ સાથે ચોખાના ફોર્ટીફિકેશનને મંજૂરી આપી હતી.

## ગુજરાતમાં પવન, ગાજવીજ સાથે અતિભારે વરસાદ રહેશે

અમદાવાદ,

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન નિષ્ણાત અંબાલાલે આગાહી કરી છે કે , હસ્ત નક્ષત્રમાં ગાજવીજ થાય અને વરસાદ વરસે તો આગલા વર્ષનો કોલ ગણાય છે. હસ્ત નક્ષત્ર તા. ૨૭ સપ્ટેમ્બરે સવારે બેસે છે. આથી આથી હસ્ત નક્ષત્રમાં તા.૨૭થી ૫ ઓક્ટોબર દરમિયાન રાજ્યના ભાગોમાં ભારે વરસાદી ઝાપટાં રહેવાની શક્યતા છે.આથી હસ્ત નક્ષત્રમાં તા.૨૭થી ૫ ઓક્ટોબર દરમિયાન રાજ્યના ભાગોમાં ભારે વરસાદી પડવાની શક્યતા છે.બંગાળના ખાડીમાં સક્રિય થયેલું ગુલાબ વાવાઝોડું બંગાળની ખાડીથી આગળ વધ્યું છે. તે મધ્યપ્રદેશના ઉત્તર-પશ્ચિમી વિસ્તાર સુધી પહોંચ્યું છે. આ વાવાઝોડું આગામી ૨૪ કલાક દરમિયાન ગુજરાત સુધી પહોંચવાની શક્યતા છે. જેને કારણે સર્જાનારી સાઈક્લોનિક સરક્યુલેશનની અસરથી ૨૪ કલાકમાં વાતાવરણમાં પલટો આવશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આ વાવાઝોડાની અસરથી રાજ્યમાં ૪૦થી ૬૦ કિલોમીટરની ગતિના પવનો અને ગાજવીજ સાથે હળવોથી ભારે વરસાદ પડવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી છે. આ વાવાઝોડાની અસરના કારણે ૨૮-૨૯ સપ્ટેમ્બર તો ભારેથી અતિભારે વરસાદની શક્યતાઓ દર્શાવવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આ વાવાઝોડાના કારણે ભારે વરસાદ વરસી શકે છે. આમ ૨૭મી સપ્ટેમ્બરથી બીજી ઓક્ટોબર સુધી ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૮ સપ્ટેમ્બરના રોજ આણંદ, દાહોદ, મહિસાગર, નર્મદા, બનાસકાંઠા, છોટાઉદેપુરમાં સારો વરસાદ વરસી શકે છે. આ સાથે ૨૯ સપ્ટેમ્બરના રોજ ૪૦થી ૬૦ કિમીની ગતિના પવન સાથે દક્ષિણ ગુજરાતના વલસાડ, દમણ, દાદરાનગર હવેલી અને સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં મધ્યમથી ભારે વરસાદ વરસવાની સંભાવના છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના ગુજરાતના વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદ, ઉત્તર અને મધ્ય ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં આણંદ, છોટાઉદેપુર, પંચમહાલ, વડોદરા, નર્મદા, ભરુચ અને તાપીમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા રહેલી છે.

## ચીને લદ્દાખમાં LAC પર ૫૦ હજાર સૈનિકો તૈનાત કર્યા



નવી દિલ્હી,

ભારતે ચીનને એલએસી પર વારંવાર તેના વલણમાં ફેરફાર નહીં કરવા અને સરહદીય બાબતોની સમસ્યાને વધુ જટીલ નહીં બનાવવા જણાવ્યું છે. પૂર્વીય લદ્દાખમાં ગયા વર્ષે બંને દેશો વચ્ચે સર્જાયેલી તંગદિલી પછી ભારત સતત ચીનને સરહદો નિશ્ચિત કરવાની સમસ્યાનો ઉકેલ લાવવા અલગ અલગ વ્યવસ્થા તંત્રનો ઉપયોગ કરી તેને વળગી રહેવા દબાણ કરી રહ્યું છે.હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનની વધતી દાદાગીરી રોકવા માટે અમેરિકામાં ક્વાડ જૂથના પ્રમુખો, વડાપ્રધાનોની પહેલી વ્યક્તિગત બેઠક યોજાયાના બીજા જ દિવસે ચીને તેનો અસલી રંગ બતાવવાનું શરૂ કર્યું છે. પૂર્વીય લદ્દાખમાં એલએસી પરથી પોત-પોતાના સૈનિકો પાછા લેવા મુદ્દે ભારત-ચીન વચ્ચે સમજૂતી થવા છતાં ચીને પોતાના સૈનિકો પાછા ખેંચવાના બદલે ઉલટાનું એલએસી પર ૫૦,૦૦૦થી વધુ સૈનિકો તૈનાત કર્યા છે અને ભારતીય જવાનોની પ્રવૃત્તિઓ પર નજર રાખવા મોટી સંખ્યામાં ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે. સત્તાવાર સૂત્રો મુજબ ચીનનું સૈન્ય મોટાભાગે દોલત બેગ ઓલ્ડી સેક્ટર, ગોગરા હાઈટ્સ અને અન્ય કેટલીક જગ્યાઓ પર ડ્રોનથી ભારતીય જવાનોની પ્રવૃત્તિઓ પર નજર રાખી રહ્યું છે. વધુમાં તેણે પૂર્વીય લદ્દાખમાં એલએસી પર ૫૦,૦૦૦ સૈનિકો ગોઠવ્યા છે. ચીનની આ બધી ગતિવિધિઓ પર ભારતીય સૈન્ય પણ ચાંપતી નજર રાખી રહ્યું છે. ભારતીય સૈન્ય પણ ચીનના સામના માટે ખૂબ જ સાવધ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ચીનના ડ્રોન પર નજર રાખવા માટે ભારત તેની એસેટ્સનો ઉપયોગ કરી રહ્યું છે. લદ્દાખનું ચોખ્ખું આકાશ અને ઊંચા શીખરો પર તૈનાત ભારતીય જવાનો ચીનના ડ્રોન પર નજર રાખી રહ્યા છે. વધુમાં ભારત પણ અહીં મોટાપાયે ડ્રોન તૈનાત કરવાની યોજના બનાવી રહ્યું છે. આ માટે ટૂંક સમયમાં જ ભારત એલએસી પર નવા ઈઝરાયેલી અને ભારતીય ડ્રોન નિયુક્ત કરશે. આ ડ્રોનને સરહદ પર ચીનના પડકારોનો સામનો કરવા માટે ઈમર્જન્સી નાણાકીય પાવરનો ઉપયોગ કરીને સંરક્ષણ દળો દ્વારા ખરીદવામાં આવ્યા છે. એલએસી પરની સ્થિતિનો ઉલ્લેખ કરતાં સૂત્રોએ કહ્યું કે હવે બંને દેશના સૈન્યો વચ્ચે ફ્રિક્શન પોઈન્ટની સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર છે. સૂત્રોએ ઉમેર્યું કે, અમેરિકાએ ભારત સાથે મળીને હિન્દ-પ્રશાંત ક્ષેત્રમાં ચીનનું પ્રભુત્વ ઘટાડવા ક્વાડ જૂથની રચના કરી છે. ચાર દેશોના આ જૂથમાં જાપાન અને ઓસ્ટ્રેલિયાનો પણ સમાવેશ થાય છે. ક્વાડ જૂથના ટોચના નેતાઓની સૌપ્રથમ વ્યક્તિગત બેઠક શુક્રવારે જ વ્હાઈટ હાઉસમાં યોજાઈ હતી. જોકે, ચીન પણ ચૂપ નહીં રહે. ચીન તેના સૈનિકો માટે તેના કામચલાઉ માળખાને કાયમી માળખામાં પરિવર્તિત કરી રહ્યું છે. પૂર્વીય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પાસેના વિસ્તારોમાં તિબેટીયન ગામો પાસે ચીને સૈન્ય છાવણીઓ બનાવી છે. નોંધપાત્ર બાબત એ છે કે ચીની સૈન્ય તરફથી આ કેમ્પ કોંક્રિટની ઈમારતોના રૂપમાં બનાવાઈ છે. ચીનના આ કરતૂતો તેના પ્રત્યક્ષ ઈરાદા દર્શાવે છે. ચીન એલએસી પર લાંબા સમય સુધી તેના સૈનિકોની તૈનાતી જાળવી રાખવા માગે છે.

## ખેડુતોના આંદોલન દ્વારા ભારત બંધના એલાન થી દિલ્હી એનસીઆરમાં ટ્રાફિક જામથી ખરાબ હાલત



નવી દિલ્હી,

ખેડૂત નેતા રાકેશ ટિકૈતે પણ લોકોને વિનંતી કરી હતી કે, સાંજના ૪:૦૦ વાગ્યા સુધી ઘરની બહાર ન નીકળતા નહીં તો જામમાં ફસાઈ જશો. જોકે રાકેશ ટિકૈતે કહ્યું હતું કે, કોઈ પણ એમ્બ્યુલન્સ કે અન્ય કોઈ જરૂરી વાહનને નીકળવા માટે રસ્તો આપવામાં આવશે. ખેડૂત સંગઠનોએ કૃષિ કાયદાના વિરોધમાં આજે ભારત બંધની જાહેરાત કરેલી છે. ખેડૂત સંગઠનોનું આ ભારત બંધ સવારે ૬:૦૦ વાગ્યાથી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી ચાલશે. દિલ્હીની સરહદોએ પહેલેથી જ હજારો ખેડૂતો ઉપસ્થિત છે તેવામાં હવે ભારત બંધના એલાનના કારણે દિલ્હી, યુપી અને આસપાસના વિસ્તારોમાં જામની સ્થિતિ છે. દિલ્હી-ગુરૂગ્રામ સરહદેથી સોમવારે સવારે એક ખૂબ જ ચોંકાવનારી તસવીર સામે આવી છે. બોર્ડર પર ગાડીઓની ખૂબ જ લાંબી લાઈનો જોવા મળી રહી છે અને રસ્તા પર હજારો ગાડીઓ દેખાઈ રહી છે. ખેડૂતોના પ્રદર્શનના કારણે અનેક જગ્યાએ રસ્તાઓ બંધ છે, તેવામાં આજે સોમવારના કારણે ઓફિસ જવા માગતા લોકોને મુશ્કેલી પડી રહી છે અને ગુરૂગ્રામ બોર્ડર પર ભયાનક જામ જોવા મળી રહ્યો છે. આ રૂટ સિવાય પણ અનેક જગ્યાએ ખેડૂતોના પ્રદર્શનની અસર જોવા મળી રહી છે. દિલ્હી-અમૃતસર હાઈવે, દિલ્હી-અંબાલા, દિલ્હી-ચંદીગઢના રસ્તાઓ પર ખેડૂતોએ માર્ગ પર જ જામ લગાવી દીધો છે. દિલ્હીની ગાઝીપુર બોર્ડર, સિંધુ બોર્ડર, એન-એચ ૯, એન-એચ ૨૪ પર પણ ખેડૂતોના પ્રદર્શનના કારણે જામ લાગ્યો છે. ખેડૂત સંગઠનો દ્વારા સોમવારે હરિયાણાના બહાદુરગઢ ખાતે રેલવે ટ્રેક પર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. બિહારના પટના ખાતે પણ રાજદના કાર્યકરો ખેડૂતોના સમર્થનમાં રસ્તાઓ પર ઉતર્યા છે.

## વડાપ્રધાન મોદીએ આયુષ્માન ભારત ડિજિટલ મિશન સ્કીમ લોન્ચ કર્યું



નવી દિલ્હી,

વડાપ્રધાન મોદીએ લાલ કિલ્લા પરથી આ યોજનાની ઘોષણા કરી હતી. આ યોજનાને શરૂઆતમાં અમુક રાજ્યોમાં પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત લાગુ કરવામાં આવશે અને ત્યાર બાદ સમગ્ર દેશમાં તેનો વિસ્તાર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ભારત સરકાર દ્વારા પહેલા આયુષ્માન યોજના લાગુ કરવામાં આવી હતી જેના અંતર્ગત દરેક વ્યક્તિને ૫ લાખ રૂપિયા સુધીની ફ્રી સારવારની વ્યવસ્થા કરવામાં આવી હતી. ભારત દ્વારા સ્વાસ્થ્ય ક્ષેત્રે એક ખૂબ જ મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સોમવારે એટલે કે આજે આયુષ્માન ભારત ડિજિટલ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત દેશના દરેક નાગરિકની એક હેલ્થ આઈડી તૈયાર કરવામાં આવશે. ઓ યોજનાના લોન્ચિંગ દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે, સ્વાસ્થ્ય ક્ષેત્રે આ એક ક્રાંતિકારી પગલું છે. દેશના ગરીબ અને મધ્યમ વર્ગીય લોકોની સારવાર માટે આ યોજનાએ મહત્વની ભૂમિકા ભજવી છે. હવે ડિજિટલ ફોર્મમાં આવવાથી તેનો વિસ્તાર થઈ રહ્યો છે. વડાપ્રધાને જણાવ્યું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાને દેશના સામાન્ય નાગરિકની શક્તિ વધારી દીધી છે. આપણા દેશ પાસે ૧૩૦ કરોડ આધાર નંબર, ૧૧૮ કરોડ મોબાઈલ યુઝર, ૮૦ કરોડ ઈન્ટરનેટ યુઝર, ૪૩ કરોડ જનધન બેંક ખાતા છે, આવું વિશ્વમાં ક્યાંય નથી. વધુમાં જણાવ્યું કે, આરોગ્ય સેતુ એપની મદદથી કોરોના સંક્રમણને ફેલાતો અટકાવવામાં મદદ મળી, આ સાથે જ ભારત બધાને વેક્સિન-ફ્રી વેક્સિન આપી રહ્યું છે. અત્યાર સુધીમાં ૯૦ કરોડ વેક્સિન અપાઈ છે જેમાં કો-વિનનો બહુ મોટો રોલ છે. કોરોના કાળમાં ટેલિમેડિસિને પણ બધાની મદદ કરી છે. આયુષ્માન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૨ કરોડ દેશવાસીઓ મફત સારવાર કરાવી ચુક્યા છે. પહેલા અનેક ગરીબો એવા હતા જે હોસ્પિટલ જતા અચકાતા હતા પરંતુ આયુષ્માન ભારતના આગમન બાદ તેમનો એ ડર દૂર થયો છે.

## કોરોના પછી મેડિકલ સ્ટોર ખોલવા માટે ૯૦૯૯ લાયસન્સ અપાયા




ગાંધીનગર,

ગુજરાત રાજ્યના ફૂડ અને ડ્રગ વિભાગે જાહેર કરેલા આંકડા અનુસાર નવી ૫૩૨ ફાર્મા ફેકટરીઓને મંજૂરી અપાઈ ગઈ છે. જ્યારે મેડિકલ સ્ટોર માટે ૯૦૯૯ લાયસન્સ આપવામાં આવ્યા છે. જ્યારે વર્ષ ૨૦૧૮-૧૯માં એલોપથી દવાઓ બનાવતા યુનિટની સંખ્યા ૩૨૪૯ હતી. નવા ૩૬૫ અરજીઓ આ ક્ષેત્રે નવા યુનિટ શરૂ કરવા માટે આવી છે. જેને મંજૂરી આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૯-૨૦માં ૪૫૪ નવી અરજીઓ આવી હતી જેને મંજૂરી અપાઈ ચૂકી છે. નવા ઉદ્યોગ શરૂ થતા યુનિટની કુલ સંખ્યા ૩૩૪૯ સુધી પહોંચી છે. આ નાણાકીય વર્ષ બાદ લોકડાઉન લાગુ થયું હતું. પ્રથમ વેવના અંતે અને બીજા વેવની શરૂઆત પહેલા નવા વર્ષે નવા યુનિટ શરૂ કરવા માટે ૫૩૨ અરજી આવી હતી જેને મંજૂરી અપાઈ હતી. ઉત્પાદન યુનિટની સંખ્યા વધીને ૩૬૩૮ થઈ છે. આ સાથે નવા ૨૮૯ એકમ પણ શરૂ થયા છે. જે સંખ્યા અગાઉના વર્ષ કરતા ઘણી વધારે છે. સેલ્સ માટેના લાયસન્સમાં પણ આવી સ્થિતિ જોવા મળી હતી. વર્ષ ૨૦૧૮-૧૯માં નવા ૬૨૩૯ સેલ્સ લાયસન્સ મંજૂર કરી દેવામાં આવ્યા હતા. જ્યારે ૨૦૨૦માં આ સંખ્યા ૬૯૮૫ થઈ છે. જ્યારે લાયસન્સની સંખ્યા જે ૮૮૧૩૩ હતી એ ૯૯૭૫૨ થઈ છે. આ સંખ્યા તા.૩૧ માર્ચ સુધી પૂરા થતા આંકની છે. તા.૧ એપ્રિલથી ૨૨ સપ્ટેમ્બર સુધી આવેલી અરજી તથા યુનિટની ગણતરી કરવામાં આવે તો આ જ ગાળામાં ૪૭૦૫ લાયન્સને લીલી ઝંડી આપવામાં આવી છે. જ્યારે ૨૦૦૦થી વધારે મેડિકલ સ્ટોર ખુલી ચૂક્યા છે. જ્યારે લોકડાઉન લાગુ પડ્યું ત્યારે જીવનજરૂરી વસ્તુઓની દુકાન ખુલ્લી રાખવા માટે મંજૂરી હતી. મેડિકલ સ્ટોરની દુકાન ૨૪ કલાક સુધી ખુલ્લી રાખવા માટે મંજૂરી અપાઈ હતી. જેથી ઘણા વેપારીઓ આ ક્ષેત્ર તરફ આકર્ષાયા છે. રાજકોટ આસિ. કમિશનર એસ.એસ. વ્યાસ કહે છે કે, આ ક્ષેત્રે યુવાનો એક તક જોઈ રહ્યા છે. જેના કારણે દવાના ટર્ન ઓવર તથા ઉત્પાદન બંને ક્ષેત્રે એક મોટો વધારો જોવા મળી રહ્યો છે.કોરોના વાયરસને કારણે છેલ્લા બે વર્ષથી લોકો આરોગ્ય અને દવાના ક્ષેત્રને વધુ જાણતા થઈ ગયા છે. ઘણા પરિવારમાં એવા લોકો છે જેને સામાન્ય બીમારીની દવાના નામ મોઢે થઈ ગયા છે. જોકે, કોરોના બાદ દવાઓની બજાર અને ટર્નઓવર અનેકગણુ વધ્યું છે. લોકો આરોગ્ય તરફ સજાગ થતા દવા અને હેલ્થ ક્ષેત્રમાં નોકરીની વધુ તક હોવાનું માનીને એ ક્ષેત્રે ઝંપલાવે છે. જેમાં દવાની કંપની ખોલીને ઉત્પાદન કરનારા ઉદ્યોગ સાહસિકથી લઈને ફાર્માસિસ્ટનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

## ગુલાબ વાવાઝોડું ઓડિશા-આંધ્રના દરિયાકાંઠે ત્રાટક્યું

નવી દિલ્હી,

આંધ્રપ્રદેશના મંડાસાના દરિયાકાંઠા નજીક દરિયામાં રહેલી બોટ વાવાઝોડાના કારણે પલટી જતાં તેમાં રહેલા પાંચ માછીમાર દરિયામાં પડયા હતા અને હજુ તેઓ લાપતા છે અને તેમની શોધખોળ ચાલી રહી છે. આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના કલેકટર સુમિત કુમારનું કહેવું છે આગામી કેટલાંક કલાકો દરિયાકાંઠાના વિસ્તારો માટે ખૂબ જ ગંભીર છે. અહીં ૯૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે.ગુલાબ વાવાઝોડું ઓડિશા અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારોમાં ત્રાટકી ચૂક્યું છે અને આ વિસ્તારોમાં ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. જેના કારણે આંધ્ર પ્રદેશમાં છ માછીમારો લાપતા થયા હતા જેમાંથી બેનાં મોત નિપજયા છે, બેનો બચાવ થયો છે અને એક હજી લાપતા છે. વાવાઝોડું આંધ્રના કલિંગપટ્ટનમ અને ઓડિશના ગોપાલપુર વચ્ચેના વિસ્તારમાં પરથી પસાર થાય તેવી હવામાન વિભાગની આગાહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુલાબ વાવાઝોડા અંગે આજે ટ્વિટ કર્યુ છે કે ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક અને આંધ્રના મુખ્યમંત્રી વાય.એસ. જગન મોહન રેડ્ડી સાથે વાતચીત કરી કેન્દ્ર તરફથી મદદ સુનિશ્ચિત કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આંધ્રના કલિંગપટ્ટનમ અને ઓડિશના ગોપાલપુર જિલ્લા વચ્ચેના દરિયાકાંઠાના વિસ્તાર પરથી વાવાઝોડું પ્રવેશ કરશે અને જમીન વિસ્તાર પર ત્રાટક્યા બાદ ૨૫ કિમીલોમીટર પ્રતિકલાકની પ્રારંભિક ઝડપતી આગળ વધશે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## સરસ્વતીના મંદિર સમાન દેસાઈ સી.એમ. હાઈસ્કુલના ટ્રસ્ટીઓ દ્વારા

# ભ્રષ્ટાચારનું કેન્દ્ર બનતા વડોદરા સંયુક્ત ચેરિટી કમિશનરમાં ફરિયાદ દાખલ

લુણાવાડા, મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાની દેસાઈ સી.એમ. હાઈસ્કુલમાં વીરપુર તેમજ આજુબાજુના ગામડાના હજારો બાળકો અભ્યાસ અર્થે આવે છે. આ વીરપુર કેળવણી મંડળના મૂળ ટ્રસ્ટીઓ આજે હયાત નથી. જેમાં મોટાભાગના ટ્રસ્ટીઓ ગુજરી ગયા છે. હાલ સરકારના રેકર્ડ પર અને ૧૯૭૩ ના વર્ષમાં ચાલતા ટ્રસ્ટીઓ જ વહીવટ કરતા આવે છે. સદર મોટાભાગના તમામ ટ્રસ્ટીઓ ગુજરી ગયેલ છે. તેમની જગ્યા એ ત્યારબાદ અને ૧૯૯૨ના વર્ષમાં ફેરફાર રિપોર્ટ સરકાર ચેરિટી કમિશન કચેરીમાં મુકવામાં આવેલ સદર ફેરફાર રિપોર્ટ જે તે સમયે મદનીશ ચેરિટી કમિશનર રદ કરી ફાઈલે કરી દીધેલ હતો. ત્યારબાદ આજદિન સુધી સરકારની કચેરીમાં બની બેઠેલા ટ્રસ્ટીઓ દ્વારા કોઈ ફેરફાર રિપોર્ટ કે મંડળના હિસાબો રજૂ કરવામાં આવેલ નથી અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આ બની બેઠેલા ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવે છે. હજારો બાળકોની કરોડો રૂપિયા ફી ઉઘરાવી તાગડધિન્ના કરતા ટ્રસ્ટીઓ નીચે રેલો આવતા સફાળા જાગી ઉઠેલા ટ્રસ્ટીઓ બનાવટી વર્ષો જુના હિસાબો અને ગ્રામજનોને ઉઠા ભણાવી ખોટી સહીઓ કરાવી પોતે કરેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર માંથી સહી સલામત નીકળવા અવનવા પેતરા રચી રહ્યા છે. સ્કૂલની શિક્ષણની ગુણવત્તાના નામે મીંડું કરતા આ ટ્રસ્ટીઓ જાણે આ વીરપુર દેસાઈ સી.એમ. હાઈસ્કુલ પોતાને કમાવાની હાટડી ખોલીને બેઠા હોય તેમ ગરીબ બાળકોની તગડી ફી ઉઘરાવી તાગડધિન્ના કરવાંમાં મશગુલ હોઈ તેમ દેખાઈ રહ્યું છે. સ્કૂલના વિકાસના નામે મીંડું કરવામાં મહેર આ ટ્રસ્ટીઓ વર્ષોથી કચેરીમાં કોઈ ફેરફાર રિપોર્ટ કે ઓડિટના હિસાબો રજૂ કરેલ ન હોઈ તેમની સામે ફરિયાદો અને રજુઆતો થતા સફાળા બનેલા આ ટ્રસ્ટીઓ એન કેન પ્રકારે તેમને રહેવાના પેતરા કરી ગ્રામજનોને ભોળવી અને સને ૧૯૯૯ ની સાલ માં સહીઓ કરાવવા આમ તેમ ફરી રહ્યા છે. આ ટ્રસ્ટીઓ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી હજારો બાળકોની કરોડો રૂપિયા ફી ઉઘરાવી બારોબાર સમાવેશ કરવામાં માહિર ટ્રસ્ટીઓ હાલ ગોળ-ગોળ હિસાબોની ગોઠવણ કરવામાં મંડી પડ્યા છે. વર્ષોથી કરોડો રૂપિયાની ફી ઉઘરાવી હોવા છતાં સંસ્થાનો કોઈજ વિકાસ કરવામાં આવતો નથી. માત્ર પોતાનું જ પેટિયું રડવાના કેટલાય ટ્રસ્ટીઓ મંડળને પોતાની હાટડી બનાવી દીધી છે.આવા ટ્રસ્ટીઓ ગરીબ બાળકોના વાલીઓની કરોડો રૂપિયાની ફી ના જવાબો આપવા પડશે. અનહદ અને પોતાની હાટડી હોઈ તે રીતે સરકારના નિયમો નેવે મૂકી પોતાની મનમાની કરી મનફાવે તે રીતે વહીવટ કરતા આ ટ્રસ્ટીઓ મલાઈ ખાવામાં એટલા મધ મસ્ત હતા કે, છેલ્લા ૩૦ વર્ષ ઉપરાંત થી સરકારની કચેરીમાં ફેરફાર રિપોર્ટ કે હિસાબો રજૂ કરવાની પણ તસ્તી લીધી નથી અને સરકારના ચોપડે હાલ પણ ગુજરી ગયેલા ટ્રસ્ટીઓના નામે વહીવટ ચલાવામાં આવે છે.આવા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કરી રહેલા ટ્રસ્ટીઓ સામે વડોદરા નાયબ ચેરિટી કમિશનરમાં ફરિયાદ દાખલ થતા ઉગમાંથી ઉઠેલા આ ટ્રસ્ટીઓ પોતાના પગમાં રેલો આવતા બનીબનાવના પેતરા રચી રહ્યા છે.

### ચેરિટી કમિશનર કચેરીમાં વર્ષોથી હિસાબો કરેલ નથી

અંદાજે દર વર્ષે ૧૫ થી ૨૫ લાખ રૂપિયા સુધીની ફી બાળકો પાસેથી ઉગરાવામાં આવે છે, પરંતુ ચેરિટી કમિશનર કચેરીમાં પાછલા કેટલાય વર્ષોથી હિસાબો રાજુ કરેલ નથી.

# ખાનપુર તાલુકાના લીમડીયા ખાતે ધમ્મ ચેતના શિબિર યોજાઈ


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

ખાનપુર, મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના લીંબડીયા ખાતે માનવ ધર્મના પ્રણેતા ગૌતમ બુદ્ધ તથા બોધિસત્વ ડો.બાબાસાહેબ આંબેડકરના વિચારોને આધિન ધમ્મ ચેતના શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બુધ્ધિષ્ટ અકાદમી ઓફ ગુજરાતના આયુ. રમેશભાઈ બેન્કર, આયુ. મિલિંદ પ્રિયદર્શી, જયંત વસુબંધુ, અમર સોલંકી, સી.કે.પરમાર તેમજ ચલો બુદ્ધ કી ઓર ટીમમાંથી ડો.દિનેશભાઈ પરમાર, પ્રોફેસર નરેશભાઈ વાઘેલા, આર.એફ ઓ.વી.ડી. પરમાર ઉપસ્થિત રહ્યા હતા. બુદ્ધવંદના ત્રિશરણ, પંચશીલથી કાયેક્રમની શરૂઆત કરવામાં આવી હતી મહેમાનોએ જુદા જુદા વિષયો પર વકતવ્યો આપ્યા હતા. જેમાં તથાગત બુધ્ધ, ડો.બાબાસાહેબ આંબેડકર, સાવિત્રીબાઈ ફુલે અને આપણા મહાપુરુષોના વિચારોને આધિન બૌદ્ધિક વિચારો રજુ કરવામાં આવ્યા. ખાનપુર તાલુકામાંથી તેમજ અન્ય તાલુકા, જિલ્લામાંથી ધમ્મબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા. નિલાબેન એમ.એસ.ડબલ્યુ. કોલેજ પરીવાર, સંસ્થાના માલિક નિલાબેન તથા નરેન્દ્રભાઈ સોલંકીનો ખુબ ઉમદા સહયોગ થી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો અંતમાં ધમ્મપાલનગાથા રજુ કરવામાં આવી. ધમ્મ ચેતના શિબિરમાં ઉપસ્થિત રહેલા તમામ ધમ્મબંધુઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# લુણાવાડા પોલીસની શી ટીમે બસ સ્ટેશનમાંથી પાંચ રોમીયો ઝડપ્યા

લુણાવાડા, લુણાવાડા પોલીસે જાહેરમાં રોમીયોગીરી અને છેડતી કરતા પાંચ ઈસમોને બસ સ્ટેશનમાંથી ઝડપી લીધા હતા. શી ટીમની આવી કામગીરીથી રોમીયોગીરી કરતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

રાજય સરકારે મહિલાઓની સુરક્ષા બાબતે મહિલાઓ તથા વિદ્યાર્થીનીઓ જાહેર સ્થળો ઉપર છેડતી, જાતિય સતામણી, જેવા ગુનાઓ અટકાવવા અને મહિલાઓની સુરક્ષા માટે જિલ્લાના દરેક પોલીસ સ્ટેશમાં શી ટીમની રચના કરી છે. આ શી ટીમે સ્કુલ, કોલેજ તથા જાહેર જગ્યાઓએ આવતી-જતી વિદ્યાર્થીનીઓ, મહિલાઓને ચેનકેન રીતે પજવતા અસામાજિત તત્વો તથા રોમીયોગીરી કરતા ઈસમો સામે કાર્યવાહી કરે છે.

લુણાવાડામાં શી ટીમે ટાઉન વિસ્તારમાં અસામાજિત તત્વોને શોધી કાઢવા પેટ્રોલિંગમાં હતી તે દરમિાન ફરતા ફરતા લુણાવાડા બસ સ્ટેશને ટ્રેપ ગોઠવી ત્યાં હાજર પાંચ ઈસમોને જાહેરમાં ચેનકેન રીતે વિદ્યાર્થીનીઓની તથા હાજર સ્ત્રીઓની પજવણી કરતા તેમજ ટોળુ વળી છોકરીઓ સામે એક્ટિસ તાકી રહેલા હોઈ જે રોમીયાગીરી કરતા કુલ પાંચ ઈસમોને પકડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદમાં મહિલાના હાથ માંથી મોબાઈલની લુંટ કરતાં ફરિયાદ

દાહોદ, દાહોદ શહેરમાંથી એક મહિલાના હાથમાંથી અજાણ્યા ચોર ઈસમે રૂા.૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ચોરી કરી લઈ નાશી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૨૫મી સપ્ટેમ્બરના રોજ દાહોદ શહેરમાં અનાજ માર્કેટ રોડ, બહારપુરામાં રહેતી ૩૦ વર્ષીય માધુરીબેન મયુરભાઈ લાલપુરવાલા શહેરના પોસ્ટ ઓફિસ આગળથી બપોરના દોઢ વાગ્યાના આસપાસ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે તેઓના હાથમાંથી રૂા.૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન ઝુંટવી ફરાર થઈ જતાં આ સંબંધે માધુરીબેન મયુરભાઈ લાલપુરવાલાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતમાં ભૂપેન્દ્ર સરકાર આવ્યા બાદ બદલીને લઈને IAS, IPSની ચિંતા વધી

ગાંધીનગર, પૂર્વ મુખ્યમંત્રી રુપાણીના સત્તા છોડતા પહેલાં જ મોટાપાયે આઈએએસની બદલીઓનો ગંજીપો ચીપાયો હતો. એ ફેરબદલ સ્વાભાવિક પણે જ આગામી ૨૦૨૨ની ચૂંટણીને ધ્યાનમા લઈને કરવામા આવી હતી. પરંતુ હવે રુપાણી જ ન રહેતા બદલી લઈને નવા ડિપાર્ટમેન્ટમાં જઈને માંડ સેટ થયેલા આઈએએસ અધિકારીઓને ફડક પેઠી છે કે હજુ માંડ-માંડ તેઓ નવા ડિપાર્ટમેન્ટમાં આવીને ઠરીઠામ થયા છે ત્યાં શું ફરીથી ભૂપેન્દ્ર સરકાર તેમને બદલશે? એ ફડકમાં હાલ તેઓ તેમના ડિપાર્ટમેન્ટના મોટા નિર્ણયોને લઈને દ્વીધામાં છે. તો વળી કી પોઝિશન પર બિરાજેલા કેટલાક અધિકારીઓ રુપાણી લોબીના નહીં હોવા છતાં તેમને લાગી રહ્યુ છે કે ભૂપેન્દ્ર પટેલ તેમના સ્થાને હવે પોતાના વિશ્વાસુને મૂકશે. આમ આ પ્રવાહી સ્થિતિ એ તમામ અધિકારીઓને અસમંજસમાં મૂકેલા છે ગુજરાતની એજ્યુકેશન સિસ્ટમ ને ધરમૂળથી બદલીને તેને એક સ્તર સુધી લઈ જવા માટે સતત મહેનત કરનારા અધિકારી વિનોદ રાવ ને જશના બદલે જોડા પડ્યા છે! સૂતાં સૂતાં નોકરી કરવાની જેમને આદત પડી છે તેવા શિક્ષકો અને રેઢીયાળ એજ્યુકેશન સિસ્ટમને લઈને વિનોદ રાવે છેલ્લા કેટલાક સમયમાં ઘણા આંચકા જનક નિર્ણયો કર્યા છે. પરિણામે એજ્યુકેશન સિસ્ટમ સાથે સંકળાયેલા મોટાભાગના શિક્ષકો અને કર્મચારીઓ ઈચ્છે છે કે કોઈપણ કાળે વિનોદ રાવને એજ્યુકેશન ડિપાર્ટમેન્ટમાંથી હટાવવામાં આવે. જોકે, તેમની એ આશા ફળીભૂત થતી નથી. એટલે અવારનવાર તેઓ રાવને લઈને કોઈને કોઈ ગૂગલી સોશિયલ મીડિયા માં નાંખતા રહે છે. એમાંની જ આ વીકની સૌથી હોટ ગૂગલી એ હતી કે: 'વિનોદ રાવને હવે પીએમઓમાં પોસ્ટિંગ મળ્યુ છે. વિનોદ રાવને અભિનંદન...' આ મેસેજ એ હદે સ્પ્રેડ થયા કે વિનોદ રાવ લોકોને ટેલિફોનિક અભિનંદનના ખુલાસા આપતાં આપતાં થાકી ગયા. અમદાવાદ પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે જમીનની કોઈપણ અરજી હોય કે ૨૫ લાખ રુપિયાથી મોટી કોઈ પણ વસ્તુ હોય તો તે મુદ્દે એફઆઈઆર નોંધતા પહેલા સીપીની મંજૂરી લેવી જરુરી છે- તેવો એક નિર્ણય કર્યો છે. પરંતુ, અમદાવાદના એક ડીસીપી સીપીની ઉપરવટ જઈને જમીનની અરજીઓ અને નાણાની લેતીદેતીની અરજીઓ ડાયરેકટ એમની ઓફિસમા મંગાવે છે અને જાતે જ તપાસ કરે છે. જ્યારે સીપીના ધ્યાનમાં આવ્યુ ત્યારે, તેમણે આ અધિકારીને ચેતવણી આપી હતી, એટલુ જ નહીં સરકારમાં તેમના વિરુદ્ધ લખવાના પણ હતા. પરંતુ, વોર્નિંગથી સુધરી જશે તેવું માની લખવાનુ માંડી વાળેલું. જોકે, હજુ આ અધિકારી સુધર્યા નથી. સીપીની ઉપરવટ જઈને અરજીઓ મુદ્દે તોડપાણી અને સમાધાનની બેઠકો તેમની ઓફિસમાં જ થાય છે. હાલ પાંચ પૈસાના ભાગમાં તેઓ નડિયાદમાં એક બિલ્ડિંગ સ્કીમ તેઓ ઊભી કરી રહ્યા છે. ૧૯૯૬ બેચના એક આઈપીએસ હાલ ગુજરાત સરકારમાં એડીશનલ ડીજી છે. ગયા વર્ષે તેઓ બીએસએફના ડેપ્યુટેશન પરથી પરત આવ્યા તા. ત્યારબાદ તેમને એસઆરપીના ઈન્ચાર્જ ડીજી બનાવાયા હતા. પરંતુ ૯૯૫ની બેચના એક અધિકારી કેન્દ્રના ડેપ્યુટેશન પરથી પરત આવતા તેમને આર્મસ યુનિટના એડીશનલ ડીજી બનાવાયા અને ૧૯૯૬ની બેચના બીએસએફ ડેપ્યુટેશન પર ગયેલા અધિકારી તેમનાથી જુનિયર હોવાથી તેમને રાજકોટ યુનિટમાં એડીશનલ ડીજી બનાવાયા હતા. પરંતુ આ અધિકારી રાજકોટ રુબરુ જવાને બદલે ગાંધીનગર ડીજીપી ઓફિસ બેઠા જ સમગ્ર વહીવટ ચલાવે છે. એટલું જ નહી રાજકોટથી તમામ ફાઈલો પણ ડીજીપી ભવન મંગાવાય છે. ન તો ડીજીપી આશિષ ભાટિયા તેમનો રાજકોટ નહી જવા મુદ્દે જવાબ માંગે છે, ન તો આર્મસ યુનિટના હેડ કે જેઓ આ અધિકારીના સિનિયર છે- તેઓ તેમનો કોઈ રિપોર્ટ લે છે. આ અધિકારીએ ખરેખર તો રાજકોટ ઓફિસમાં હાજર રહેવું પડે પરંતુ, એના બદલે કોની રહેમ નજર હેઠળ તેઓ ડીજીપી ઓફિસ બેઠાં બેઠાં વહીવટ ચલાવી રહ્યા છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રુપાણીના રાજીનામાં બાદ હવે અફવાઓના સીમાડા વંડી ઠેકીને સીએમઓથી પોલીસ ભવન સુધી પહોંચ્યા છે. વાતમાં કોઈ દમ નથી પરંતુ, ગાંધીનગરના ગલિયારામાં એ મુદ્દો ગરમ છે કે ડીજીપી આશિષ ભાટિયાની તબિયત છેલ્લા ઘણાં સમયથી નાદુરસ્ત રહે છે. તેઓ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા માંગે છે. એટલુ જ નહીં, જો આશિષ ભાટિયાનું વીઆરએસ મંજૂર થાય તો નવા ડીજીપી કોણ? ત્યાં સુધીના ગણિત પણ લોકોએ માંડી દીધા છે. છેલ્લા ૧૦ દિવસમાં ગુજરાતના રાજકારણમાં જે ધરખમ ફેરફારો આવ્યા છે, જે પ્રકારે પૂર્વ મુખ્યમંત્રીનુ રાજીનામું લેવાયું છે અને પાછલા બારણેથી હુકમના એક્કા તરીકે ભૂપેન્દ્ર પટેલનું નામ ખુલ્યુ છે તેને લઈને આઈએએસ અને આઈપીએસ લોબી સન્નાટામાં છે. કેટલાય અધિકારીઓ એવા છે જેમને હજુ કળ નથી વળી રહી, એવા આઘાતમાં છે. જેઓ અત્યાર ધી રુપાણીની નિશ્રામાં ફુલ્યા ફાલ્યા હતા તેમને ચિંતા પેઠી છે કે હવે એમનુ શું થશે? રુપાણીના માણસ જાણીને સાવ એમને કિનારે તો નહીં કરી દેવાય ને? પોતાનું અસ્તિત્વ જાળવવા તેઓ ઈચ્છી રહ્યા છે કે રુપાણીને પણ ઝડપથી સેન્ટ્રલમાં સત્તાનુ સ્થાન મળે. જો સાહેબ આગળ જશે તો તેઓ તેમને પણ ટીમ તરીકે સાથે લઈ જશે, તેવી તેમની ધારણા છે.

# કૃષિ મંત્રી નરેન્દ્ર તોમર રટ્ટુ છે! જેટલું બોલવાનું શિખવાડ્યું તેટલું જ બોલે છે : ટિકૈત



નવી દિલ્હી, ખેડૂતોને દિલ્હીની સરહદે ધરણાં પર બેસે ૩૦૦ દિવસ કરતા પણ વધારે સમય થઈ ગયો છે. ખેડૂત નેતાઓ અને સરકારના પ્રતિનિધિઓ વચ્ચે ૧૦ તબક્કાની વાતચીત પણ થઈ હતી જેનું કોઈ પરિણામ ન આવ્યું. છેલ્લે જાન્યુઆરી મહિનામાં ખેડૂતો અને સરકાર વચ્ચે અંતિમ વખત વાતચીત થઈ હતી.કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી બોર્ડર ખાતે ખેડૂતોનું પ્રદર્શન હજું પણ ચાલુ જ છે. સંયુક્ત કિસાન મોરચા દ્વારા ભારત બંધનું એલાન કરવામાં આવેલું છે. ગાઝીપુર બોર્ડર પર NH-9, NH-24ને ખેડૂતોએ જામ કરી દીધો છે. ખેડૂત સંગઠન સાથે સંકળાયેલા નેતાઓ ત્યાં ભેગા થયા છે. ખેડૂતોએ ગાઝીપુર બોર્ડર ઉપરાંત શંભુ બોર્ડર પણ જામ કરી દીધી છે. આ દરમિયાન ખેડૂત નેતા રાકેશ ટિકૈતને કૃષિ મંત્રીના વાતચીત દ્વારા રસ્તો કાઢવાના નિવેદન મુદ્દે સવાલ કરવામાં આવ્યો હતો. તેના જવાબમાં તેમણે કૃષિ મંત્રી રટ્ટુ છે એમ કહ્યું હતું. ટિકૈતે જણાવ્યું કે, જો સરકાર કાયદામાં ૧૦ વર્ષે સુધારો કરશે તો આ આંદોલન ૧૦ વર્ષ સુધી ચાલુ રહેશે. અમે પાછા નહી જઈએ. ટિકૈતના કહેવા પ્રમાણે તમે કોઈકના વિચારને વિચાર વડે જ બદલી શકો છો, બંદૂકની શક્તિ વડે તમે વિચાર ન બદલી શકો. કૃષિ મંત્રી મુદ્દે કહ્યું કે, તે રટ્ટુ છે, જેવી રીતે બાળપણમાં ભણાવવામાં આવ્યું હતું. જે વાંચી લીધું એટલું જ બોલશે, એનાથી વધારે બોલશે જ નહીં. તેઓ કહે છે કે, કાયદો પાછો નહીં લે, સંશોધન અંગે વાત કરવી છે, વાત કરી લો. કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર તોમરે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર ખેડૂતો તરફથી ઉઠાવવામાં આવતા કોઈ પણ મુદ્દે ચર્ચા કરવા માટે તૈયાર છે. તોમરે વાતચીતનો રસ્તો અપનાવવા માટે વિનંતી કરી હતી.


કોરોના ના લીધે દેશ સહિત ગુજરાતમાં તહેવારો બંધ રહ્યા હતા આ વર્ષે કોરોનાના ઓછા કેસ હોવાના કારણે ગુજરાત રાજય સરકાર દ્વારા નવરાત્રીની છુટ આપવાની સાથે જ બજારમાં લોકો ચણિયાચોળી લેવા માટે ઉમટી પડ્યા હતા જેના કારણે ચણિયાચોળી માર્કેટના વેપારીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# શહેરા ધારાસભ્યની વિધાનસભાના ઉપાદ્યક્ષ તરીકે જીત થતાં કાર્યાલય ખાતે આનંદ


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષની ચૂંટણીમાં ભવ્ય જીત થતા ભાજપ અગ્રણીઓ અને કાર્યકર્તાઓ ઢોલના તાલે ઝૂમી ઉઠ્યા હતા. પ્રથમ વખત જિલ્લામાંથી ગાંધીનગર ખાતે વિધાનસભા ગૃહનુ ઉપાધ્યક્ષ પદ મળતા ભાજપ કાર્યાલય ખાતે ભાજપ અગ્રણીઓ અને કાર્યકરોએ એકબીજાને મોં મીઠું કરાવીને ખુશી વ્યક્ત કરી હતી. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે વિધિવત રીતે જાહેરાત થયા બાદ ભાજપ અગ્રણી અને કાર્યકરોએ ભવ્ય ઉજવણી વિધાનસભા મત વિસ્તારના અનેક ગામોમાં કરવામાં આવી હતી.

શહેરા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ પાછલા પાંચ ટર્મથી સતત જીત મેળવીને તાલુકાના વિકાસમાં તેમનો મહત્વનો ફાળો રહેલો છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળની રચના બાદ ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવતા તેમના સમર્થકો અને પ્રજાજનોમાં ભારે ખૂશીની લહેર છવાઈ હતી. તાલુકા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ ઉપ-પ્રમુખ જીગ્નેશભાઈ પાઠક, મહામંત્રી ધવલભાઈ દેસાઈ, તાલુકા ભાજપ પ્રમુખ મગનભાઈ પટેલિયા, ભાજપ અગ્રણી ભૂપતસિંહ પટેલ, મહામંત્રી સંજયભાઈ બારીયા, પર્વત સિંહ ચૌહાણ, નટવર સિંહ રાઠોડ, નગર પાલિકા કારોબારી અધ્યક્ષ, યુવા પ્રમુખ કિરીટ બારીઆ, યુવા નગર પ્રમુખ મયુર શાહ, ભાજપ અગ્રણી નટુભાઈ બારીઆ, પ્રદીપ પદવાણી સહિત ભાજપના તાલુકા પંચાયત સભ્ય, જિલ્લા પંચાયત સભ્યો તેમજ સરપંચો અને ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં એકત્રીત થયા હતા. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકેની જાહેરાત થયા બાદ કાર્યાલય ખાતે ઉપસ્થિત ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો ઢોલના તાલે ખુશીથી નાચતા ગાતા જોવા મળ્યા હતા. સાથે એકબીજાને મીઠાઈ ખવડાવીને ખુશી વ્યક્ત કરી હતી. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડના ગામમાં અને વિધાનસભા મત વિસ્તારના અનેક ગામોમાં ભાજપ કાર્યકરો અને ગ્રામજનો દ્વારા ફટાકડા ફોડીને ઉજવણી કરવામાં આવી હતી. પંચમહાલ જિલ્લામાં વર્ષો બાદ પ્રથમ વખત વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તરીકે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને પદ મળતા જિલ્લાવાસીઓમાં તેમજ ભાજપ કાર્યકરોમાં પણ ભારે ખુશીની લહેર છવાઈ જવા પામી હતી.

# હાલોલ-પાવાગઢ રોડ પર કાર ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા ઈલેકટ્રીક થાંભલા સાથે અથડાવતા બે વ્યકિતઓને ઈજા

હાલોલ, હાલોલ-પાવાગઢ રોડ પર આવેલ ખુંદપીર દરગાહ પાસે મુખ્ય રોડ પર કાર બેકાબુ બની લાઈટના થાંભલા સાથે અથડાતા બે વ્યકિતઓને ઈજાઓ થવા પામી તી.

બારડોલીના મહુવા ગામે રહેતા સંશોધભાઈ વિજુભાઈ પટેલ, નિરાવભાઈ શાંતિલાલ પટેલ અને અન્ય મળી ત્રણ વ્યકિતઓ મારૂતિ વેગન કાર પાવાગઢથી હાલોલ તરફ આવી રહ્યા હતા. ત્યારે પાવાગઢ રોડ પર ખુંદપીર દરગાહ પાસે મુખ્ય રોડ પર કાર ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર બેકામુ બની રોડ પર આવેલ લાઈટના થાંભલા સાથે અથડાઈ ડિવાઈડર કુદી રોંગ સાઈડ પર જઈ પલ્ટી ખાઈ જવા પામી હતી. જેમાં કારમાં સવાર ત્રણમાંથી બે વ્યકિતઓને ઈજાઓ થતાં તાત્કાલિક ૧૦૮ મારફતે હાલોલની રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.

# લીમખેડાના ચીલાકોટા ગામની સગીરાને લગ્નની લાલચે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામેથી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્ન કરવાને ઈરાદે એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૧૫મી સપ્ટેમ્બરના રોજ વડોદરા જિલ્લાના તરસાલી નવી નગરી ખાતે રહોત મિતેશભાઈ સુરેશભાઈ રાવળે લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પટાવી, ફોસલાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલીસી સ્ટડીઝનું ઉદઘાટન

ગાંધીનગર, રાષ્ટ્રની સામાન્ય પ્રજાના પ્રશ્નોના સંતોષકારક નિરાકરણ લાવવામાં આ યુનિવર્સીટમાં ચાલતા અભ્યાસક્રમો મદદરૂપ બની રહેશે. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ આર.એમ.છાયા, રાજ્યના કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર જે.એન.વ્યાસ તેમજ રાજ્ય વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિઓ, ન્યાયવિદો, વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતા.લોકોમાં ગુના કરવાની વૃત્તિ થાય નહી તેવું વાતાવરણ ઉભું કરીશું. સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડીઝ ટેકનો લિગલ એક્સપર્ટ ટેકનોલોજીથી સુસજ્જ નિષ્ણાંતોનું માનવબળ દેશને પુરૂ પાડશે. ઉપરાંત ડિજિટલ ફોરેન્સિક એન્ડ સાયબર બનાવોને અટકાવવામાં મજબૂત પરિબળ બની રહેશે તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ફોરેન્સિક યુનિવર્સિટી ખાતે સ્કુલ ફોર લોના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું છે. વર્તમાન સમયમાં ગુના પ્રકાર બદલાયા છે. ત્યારે ગુનેગારેને પકડવા અને ઝડપી ચુકાદા આપવામાં ફોરેન્સીક સાયન્સ એન્ડ જસ્ટિસન અસરકારક પુરવાર થશે. સ્કુલ ઓફ લો-ફોરેન્સીક જસ્ટીસ એન્ડ પોલીસી સ્ટડીઝ દ્વારા ડેટા સાયન્સ એન્ડ લો ના સમન્વય સાથેના અભ્યાસક્રમોથી ન્યાયિક પ્રક્રિયામાં ભવિષ્યમાં ઝડપ આવશે. ઉપરાંત ફોરેન્સીક સાયન્સની મદદથી પુરાવાઓને અદાલતમાં રજુ કરવામાં પણ સરળતા થશે અને ડિઝીટલ ફોરેન્સીક તથા સાયબર ગુનાઓને અટકાવવામાં એક મજબુત સિસ્ટમ ઉભી થશે. માત્ર ૧૨ જ વર્ષમાં વિશ્વના ૭૦થી વધુ દેશોમાં આ યુનિવર્સીટીએ આગવી ઓળખ ઉભી હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્કુલ ઓફ લો ફોરેન્સીક જસ્ટિસ એન્ડ પોલીસી સ્ટડીઝના ઉદઘાટન પ્રસંગે જણાવ્યું છે. આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રિય કાયદા મંત્રી કિરણ રિજ્જુએ કહ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા આ યુનિવર્સિટીને જરૂરી એવી તમામ સહાય ઝડપથી પૂરી પડાશે. એનએપએસયુની કૌશલ્યતા, જ્ઞાન તજજ્ઞોનો લાભ ગુજરાતના આંગણેથી સમગ્ર દેશને મળતો થયો છે. અન્ય રાજ્યોને પણ ફોરેન્સીક યુનિવર્સિટીની મુલાકાત લેવી જોઈએ.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ગુજરાત ST વિભાગ માંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ દ્વારા

# પેન્શનના લાભ માટે વર્ષોથી લાગતા-વળગતા તંત્ર સમક્ષ રજૂઆતો છતાં આંખ આડા કાન ?

- હાલ એસ.ટી.ના નિવૃત્ત કર્મચારીઓને એકથી બે હજાર રૂપિયા પેન્શન ચૂકવવામાં આવી રહ્યું છે !
- ગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા તા.૦૯/૦૩/૨૦૨૦ તથા તારીખ ૨૧/૦૩/૨૦૨૦માં ઠરાવવામાં આવેલ પરિપત્ર મુજબ પેન્શન ચુકવણી કરવામાં આવે તેવી માંગ સાથે રજૂઆતો કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા સરકારના પરિપત્ર મુજબ પેન્શન યોજના લાગુ કરવામાં આવે તો ૩૫ હજાર જેટલા એસ.ટી.ના નિવૃત કર્મચારીઓને લાભ મળી શકે.

ફતેપુરા,

ગુજરાત એસ.ટી વિભાગમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિવૃત્તિ બાદ સરકારના પરિપત્ર મુજબ મળવાપાત્ર પેન્શનનો લાભ મેળવવા છેલ્લા ત્રણેક વર્ષથી લાગતા–વળગતા તંત્રોના ધક્કા ખાતા હોવા છતાં પેન્શનરોની વ્યાજબી માંગણી પ્રત્યે ધ્યાન નહીં આપી આંખ આડા કાન કરવામાં આવતા હોવાની બૂમો ઉઠવા પામેલ છે.અને સરકારના પરિપત્ર મુજબ પેંશનનો લાભ આપવામાં આવે તેવી એસ.ટી.ના નિવૃત્ત કર્મચારીઓમાં માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ગુજરાત એસ.ટી ખાતામાંથી નિવૃત્ત થયેલ કર્મચારીઓને હાલ માત્ર એક થી બે હજાર રૂપિયા જેટલું નજીવું પેન્શન ચૂકવવામાં આવે છે!જેના લીધે સરકારના પરિપત્રો તેમજ કોર્ટના થયેલ હુકમોનો અનાદર કરવામાં આવી રહ્યો હોવાનું એસ.ટી.ના નિવૃત્ત કર્મચારીઓમાં ચર્ચાઈ રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા એસ.ટી નિગમને ગુજરાત સરકારમાં સમાવેશ કરેલ છે. છતાં બોર્ડ,નિગમ તેમજ જાહેર સાહસોને હુકમો કરવા છતાં અન્યાય કરવામાં આવી રહ્યો છે. એસ.ટી નિગમના કામદારો ઠંડી–ગરમી, વરસાદની પરવા કર્યા વગર કપરી સ્થિતિમાં ખડે પગે હાજર રહી ખાડે જતાં નિગમને બચાવવા માટે તનતોડ મહેનત કરી મહત્વનો ફાળો આપી રહેલ છે.છતાં આ કર્મચારીઓને નિવૃત્તિ બાદ પણ હળહળતો અન્યાય કરવામાં આવતો હોવાનું જાણવા મળે છે.

સરકારના પરિપત્ર મુજબ સરકારના કર્મચારીઓને વર્ષનું બે વખત મોંઘવારી ભથ્થુ ચુકવવામાં આવે છે. જ્યારે બોર્ડ અને નિગમના કર્મચારીઓને મોંઘવારીનો લાભ પણ આપવામાં આવતો નથી. જે બાબતે એસ.ટી ખાતાના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા રાજ્ય સરકારમાં રજૂઆત કરી સરકારના પરિપત્ર તેમજ કોર્ટ દ્વારા લેવાયેલ નિર્ણય પ્રમાણે પેન્શન ચૂકવવામાં આવે તેમજ ડી.એ.ની પણ ચુકવણી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.પેન્શનની રકમ રાજ્ય સરકારના ધોરણે જૂની પેન્શન યોજના લાગુ કરી અમલમાં મૂકવામાં આવેતો એસ.ટી ખાતામાંથી નિવૃત્ત ૩૫ હજાર જેટલા નિવૃત્ત કર્મચારીઓને લાભ મળી શકે તેમ હોવાનું જાણવા મળે છે. જોકે સરકારના નાણા વિભાગ દ્વારા વર્ષ– ૨૦૨૦માં પેન્શન વધારો મંજુર કરવામાં આવેલ પરિપત્ર બહાર પાડી નિગમમાં, બોર્ડના કર્મચારીઓને પેન્શન ચુકવણી કરવામાં આવે તેવું ઠરાવવામાં આવેલ તેમજ સરકાર દ્વારા આ પ્રશ્નો બાબતે વિધાનસભામાં બહાલી પણ આપેલ છે.તેમ છતા સરકારના પરિપત્ર મુજબ બોર્ડ, નિગમના કર્મચારીઓને પેન્શન ચુકવણી નહીં કરી અન્યાય કરવામાં આવતો હોઇ બોર્ડ નિગમના નિવૃત્ત કર્મચારીઓ દરદરની ઠોકરો ખાઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. તે પ્રત્યે લાગતા–વળગતા તંત્રો સહિત રાજ્ય સરકાર દ્વારા ધ્યાન આપી એસ.ટી.ના નિવૃત્ત કર્મચારીઓને સરકારના પરિપત્ર મુજબ પેન્શન ચૂકવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

### વર્ષ ૨૦૨૦ દરમિયાન નિવૃત્તિ સમયના પગારધોરણને ધ્યાને લઈ પેન્શન રીવિઝન કરવા નાણા વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ પરિપત્ર મુજબ

રાજ્ય સરકારને મળેલી વિવિધ રજૂઆતો તેમજ નામદાર કોર્ટમાં દાખલ થયેલ પિટિશનોને ધ્યાને લઈ સ્કેલ ટુ સ્કેલના ધોરણે પેન્શન રીવીઝન નો લાભ તા.૦૧/૦૧/૨૦૦૬ ની અસરથી આપવાની સરકાર દ્વારા ઠરાવવામાં આવેલ છે. તેમાં પેન્શનર/કુટુંબ પેન્શનરના કેસમાં નિવૃત્તિ કે અવસાન સમયે તેઓ જે પગાર ધોરણમાં પગાર મેળવતા હોય તે પગારધોરણને અનુરૂપ નવા પગારપંચના અમલમાં આવેલ પગાર ધોરણના લઘુતમ સ્કેલના ૫૦ ટકાથી ઓછું નહીં તે પ્રમાણે પેન્શન (તા.૦૧/૦૧/૨૦૦૬ પહેલા નિવૃત્ત થયેલ પેન્શનરના કિસ્સામાં પેન્શનપાત્ર સેવાના પ્રમાણમાં)અને ૩૦ ટકાથી ઓછું નહીં તે પ્રમાણે કુટુંબ પેન્શન તા.૦૧/૦૧/૨૦૦૬ની અસરથી મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે.તેમજ પેન્શનરોને મળવાપાત્ર એરિયર્સની ચૂકવણી કરવાની રહેશે.આમ, કર્મચારીઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ,સિલેક્શન ગ્રેડ,સિનિયર ગ્રેડ પેન્શન રિવિઝન સમયે ધ્યાને લેવાના રહેશે. આ લાભ મેળવવા પેન્શનર કે કુટુંબ પેન્શનરે વંચાણે લીધેલ ક્રમાંક(૧) અને (૬) ઉપરના ઠરાવ નિયત કરેલ કાર્ય પદ્ધતિને અનુસરવાનું રહેશે.તે સહિત નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃપશન/૧૦૦૯/૭૨૬/પી, તા.૦૧/૦૯/૨૦૧૭ અન્વયે તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૧૨/૦૪/૨૦૦૯ સુધીમાં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ હોય અને મહત્તમ પાંચ ઈજાફા મેળવેલ હોય અને આ પાંચ મહત્તમ ઈજાફાઓ જતા કર્યા હોય કે ના કર્યા હોય પરંતુ પેન્શનપાત્ર નોકરીના સપ્રમાણ પેન્શન મેળવેલ હોય તેઓને પણ આ ઠરાવ અન્વયે પેન્શન પાત્ર નોકરીના સપ્રમાણ પેન્શન રિવાઈઝ કરવાનું રહેશે. તેવો પરિપત્ર નાયબ સચિવ (પેન્શન અને તિજોરી) નાણા વિભાગ દ્વારા બહાર પાડી ગુજરાતની તમામ કચેરીઓના વડાઓ,તમામ જિલ્લા તિજોરી, પેટા તિજોરી અધિકારીઓ, તમામ પેન્શન ચુકવણા કચેરીઓ, તમામ બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટીઓ અને રાજ્ય સરકારના જાહેર સાહસોને મોકલી આપવામાં આવેલ છે.

## દે.બારીયા તાલુકાના પીપલોદ ગામે નવીન રેલવે ઓવરબ્રિજ મંજુર થતા સ્થાનિક રહીશો અને વેપારીઓને નુકશાન ન થાય તે માટે સાંસદને રજૂઆત

દાહોદ,

દેવગઢ બારિયા તાલુકાના પીપલોદ બજાર માં નવીન રેલવે ઓવર બ્રિજ મંજુર થતા કેટલાક સ્થાનિક રહીશો સહીત વેપારીઓમાં રેલવે તંત્ર સામે છૂપો ગણગણાટ જોવા મળી રહ્યો છે. પીપલોદ ગામ આજુબાજુના ૨૦ થી ૨૫ જેટલાં ગામડા થી વેપાર ધંધા સાથે જોડાયેલું વિકસિત ગામ છે.પીપલોદ ખાતે આ નવીન રેલવે ઓવરબ્રિજ બનવાના કારણે કેટલાક વેપારીઓ, રહેણાંક મકાનોને મોટું નુકશાન થવાની પુરેપુરી સંભાવના હાલ દેખાય રહી છે.આ નવીન રેલવે ઓવરબ્રિજ અન્ય જગ્યાએ ખસેડવા અથવા અન્ડરબ્રિજ બનાવવા માટે પીપલોદ ગામના અગ્રણી વેપારીઓ, ડોકટરો, મકાન માલિકો દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોર ને આજે રૂબરૂ મળી રજુઆત કરી.મળતી પ્રાથમિક જાણકારી મુજબ આ નવો ઓવરબ્રિજ મધ્યસ્થ શાળા પીપલોદ ના મુખ્ય ગેટ થી લઈને કમલ હાઈસ્કૂલ ની પેલે પાર સુધી નું બાંધકામ થવાનું છે. હજુ તેનું અસલ ડ્રોઈંગ કે નકશો કોઈની પાસે નથી.

પીપલોદ બજારમાં ઓવર બ્રીજનું નિર્માણ થવાથી પીપલોદ ગામના બે ભાગ પડતા હોય એવુ થશે. વેપાર–ધંધામાં ખૂબ મોટું નુક્સાન થાય તેમ છે, બંને બાજુ માધ્યમિક અને પ્રાથમિક શાળાઓ આવેલી છે. બજારમાં ખાનગી દવાખાના આવેલ હોય દર્દીઓ ને દવા સારવાર માટે પણ મોટી મુશ્કેલી નું સર્જન થશે તે નક્કી છે. શાળામાં ભણવા માટે બાળકોને પણ અવર જવરમાં તકલીફ ઉભી થાય તેમ છે. જેથી આ બ્રિજને બજારમાંથી કેન્સલ કરી અન્ય જગ્યાએ બનાવવામાં આવે અથવા અંડરગ્રાઉન્ડ બ્રિજ બનાવવામાં આવે તેવી દાહોદ સાંસદ જસવંતસિંહ ભાભોરનાઓને રજૂઆત કરી હતી. સાંસદ ભાભોરે તુરતજ રતલામ મંડળના ડીઆરએમ સહિતના ઉચ્ચ અધિકારીઓને ટેલીફોનીક સંપર્ક કરી બુધવારના રોજ ૧૦:૦૦ કલાકે સ્થળ પર હાજર રહેવા તથા સમીક્ષા કરી યોગ્ય ઘટતું કરવા સુચના આપી છે. જયારે દેવગઢબારીયા ના ધારાસભ્ય અને પૂર્વ રાજયમંત્રી બચુભાઈ ખાબડ સાથે આ અંગે વાતચીત કરતા જણાવ્યું હતુંકે આ રેલવે ઓવરબ્રિજ નું બાંધકામ ક્યાંથી શરૂ કરવાનું છે તેના માટે રેલવે ના. અધિકારીઓ ને તેમના એન્જીનીયર નકશા અને તેનું ડ્રોઈંગ લઈને સાથે બુધવારે રૂબરૂ પીપલોદ ખાતે હાજર રહેશે તેમ જણાવ્યું હતું.

## ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામની ૪૫ વર્ષીય પરણિતાનું શંકાસ્પદ મોત

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામનો એક પરણિત બે બાળકોના પિતાને સંતરામપુર તાલુકાના ચીચાણી ગામની કુવારી યુવતી સાથે આંખ મળી જતા છએક માસ અગાઉ ચીચાણી ગામની યુવતીને બીજી પત્ની તરીકે રાખવાના ઈરાદાથી ઘરમાં લઈ આવ્યો હતો. ત્યારબાદ ચીચાણી તથા સાગડાપાડાની પંચોએ મળી સમાધાન કરી દંડ આપી ચીચાણી વાળી યુવતીને તેના પિતાને કબજો પરત સોંપી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ફરીથી સાગડાપાડાનો પરિણીત તથા ચીચાણી વાળી યુવતી પરત ભાગી ગયા હતા અને છેલ્લા બે દિવસથી સાગડાપાડા ઘરે આવ્યા હતા. ત્યારે ગતરોજ પરિણીતાનું શંકાસ્પદ મોત નીપજ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામના તળ ગામ ફળિયામાં રહેતા ભારતભાઈ વરસીંગભાઈ અમલીયારના વીસ વર્ષ અગાઉ સંતરામપુર તાલુકાના જાનવડ ગામના વરસીંગભાઈ નાથાભાઈ પારગીની પુત્રી રસીલાબેન હાલ (ઉમર વર્ષ. ૪૫) સાથે સમાજના રિવાજ મુજબ લગ્ન થયા હતા.અને તેઓને સંતાનમાં એક પુત્ર તથા એક પુત્રી છે અને બંને સંતાનોના પણ લગ્ન થઈ ગયેલા છે.ત્યારે પતિ ભારત અમલીયારની આંખ સંતરામપુર તાલુકાના ચીચાણી ગામના વીરાભાઇ કટારાની પુત્રી શર્મિષ્ઠા સાથે આંખ મળી જતા છ માસ અગાઉ પતિ–પત્ની તરીકે રહેવાના ઈરાદાથી ભાગી ગયા હતા.ત્યારબાદ બંને ગામોની પંચોએ મળી સમાધાન કરી શર્મિષ્ઠાના પિતાએ દંડ પેટે નાણાં લઈ શર્મિષ્ઠાનો કબજો પરત મેળવી લીધો હતો. ત્યારબાદ ફરીથી શર્મિષ્ઠા તે ભારત અમલીયારના ઘરમાં રહેવા ભાગી આવી હતી અને ભારત અમલીયાર તથા શર્મિષ્ઠા કોઈક જગ્યાએ ભાડે મકાન રાખી રહેતા હતા. જ્યાંથી ગત બે દિવસ અગાઉ સાગડાપાડા ગામે ઘરે આવ્યા હતા. જેથી શર્મિષ્ઠા તથા મૃતક રસીલાબેનને મૌખિક બોલાચાલી થતા શર્મિષ્ઠાએ ૧૮૧માં ફોન કરતા રસીલાબેનને સુખસર પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા હતા. જ્યાં જવાબો લીધા બાદ ગતરોજ સાંજના સાડા ત્રણ વાગ્યાના અરસામાં રસીલાબેન તેમના પતિ ભારતભાઈ


તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

સાથે પરત ઘરે જવા મોટરસાયકલ ઉપર નીકળ્યા હતા. ત્યારબાદ રસીલાબેન મોટરસાયકલ ઉપરથી પડતા માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું હોવાનું ચર્ચાઇ રહ્યું છે. પિયર પક્ષ દ્વારા રસીલાબેનને પતિ તથા પતિની બીજી પત્ની શર્મિષ્ઠા દ્વારા ત્રાસ આપતા મોટરસાયકલ ઉપરથી કુદી પડતા મોત નીપજ્યું હોવાનું જણાવી રહ્યા છે. રસીલાબેનનું મોત નિપજતા પતિ ભારતભાઈ અમલીયાર તથા બીજી પત્ની શર્મિષ્ઠાબેન ફરાર થઈ જવા પામેલ હોવાનું જાણવા મળે છે. રસીલાબેનનું મોટરસાયકલ ઉપરથી પડતા મોત નિપજ્યું છે. તો પતિ ભારતભાઈ તથા બીજી પત્ની શર્મિષ્ઠાબેન ફરાર કેમ થઇ ગયા? તે એક તપાસનો વિષય છે.

મૃતક રસીલાબેનની લાશને પી.એમ અર્થે સુખસર સરકારી દવાખાનામાં લાવવામાં આવી છે. ત્યારે સુખસર પોલીસે કોઈ અનિચ્છનીય બનાવ બને નહીં તે અર્થે દવાખાનામાં ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હોવાનું જાણવા મળે છે.

## દાહોદ જીલ્લામાં બે માર્ગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા અને ફતેપુરા તાલુકામાં માર્ગ અકસ્માતના સર્જાયેલ બે બનાવોમાં એક મહિલા સહિત બે જણાના મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે હાઈવે રોડ પર બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૫મી સપ્ટેમ્બરના રોજ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતો હતો. તે સમયે ત્યાંથી ચાલતા પસાર થઈ રહેલા ૩૫ વર્ષીય ગોપાળભાઈ રામાભાઈ ચૌહાણ (રહે.પાલ્લી, પટેલ ફળિયા, લીમખેડા)ને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારી અજાણ્યા વાહનનો ચાલક નાસી જતાં ગોપાળભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે પાલ્લી ગામે પટેલ ફળિયામાં રહેતાં ગમીરભાઈ છગનભાઈ ચૌહાણ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ ફતેપુરા તાલુકાના સુખસર ગામે નિશાળ ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૬મી સપ્ટેમ્બરના રોજ ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામે તળગામ ફળિયામાં રહેતાં ભરતભાઈ વરસીંગભાઈ અમલીયાર અને તેમની સાથે રમીલાબેન એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થઈ પસાર થઈ રહ્યાં હતાં. આ દરમ્યાન ભરતભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પાછળ બેઠેલ રમીલાબેનને ચાલુ મોટરસાઈકલ પરથી નીચે પાડી દેતાં રમીલાબેનને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચી હતી. જેને પગલે તેઓનું મોત નીપજતાં આ સંબંધે સાગડાપાડા ગામે તળગામ ફળિયામાં રહેતાં સંજયભાઈ ભરતભાઈ અમલીયારે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંજેલીમાં કાર્યકર્તાએ કોંગ્રેસને અલવિદા કરી ભાજપમાં જોડાયા


તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી કન્યા વિદ્યાલય ખાતે મન કી બાત કાર્યક્રમ યોજાયો હતો. તે વેળાએ સંજેલી તાલુકા કોંગ્રેસના ૧૦૦ જેટલા કાર્યકરોએ કોંગ્રેસને રામ રામ કહી ભાજપામાં જોડાયા હતા. સંજેલી તાલુકા કોંગ્રેસના મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. જેમાં વાસીયાના પૂર્વ સરપંચ મગનભાઈ વસૈયા, પોતાના સમર્થકો સાથે સહિત કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઇ અમલિયારે ભાજપનો ખેસ પહેરાવી વિધિવત રીતે પ્રવેશ કરાવી આવકાર્યા હતા. આ વેળાએ દાહોદ જિલ્લા ભાજપા પ્રમુખ શંકરભાઇ અમલિયાર, જિલ્લા મહામંત્રી નરેન્દ્રભાઈ સોની, સંજેલી તાલુકા ભાજપા પ્રમુખ રમેશભાઈ તાવીયાડ, તાલુકા પ્રમુખ ભુપેન્દ્રભાઈ સંગાડા, જશુભાઈ બામણિયા, બંટા બાપુ, જગ્ગુ બાપુ, હાજર રહ્યા હતા.

## દાહોદમાં બે વર્ષ અગાઉના દુષ્કર્મના બનાવમાં કોર્ટના આદેશથી ફરિયાદ નોંધાતા આરોપીઓ ભુગર્ભ ચાલ્યા ગયા

દાહોદ,

દાહોદ શહેરના પીંજારવાડમાં બે વર્ષ અગાઉ ૧૫ જેટલાં નારાધમોએ સગીરા જોડે દુસ્કર્મ આચર્યાંના વિડીયો તેમજ ફોટો સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાની ધમકી આપી સતત એક મહિના સુધી સગીરાને ગીધની જેમ નોચી નાખવાના ચકચારી કેસમાં બે વર્ષ બાદ નામદાર કોર્ટમાંથી ૧૫ નરાધમો તેમજ બળાત્કારમાં મદદ કરનાર બે મહિલાઓ સહિત કુલ ૧૭ સામે દુષ્કર્મનો ગુનો નોંધાતા ચકચારી કેસની સમગ્ર પંથકમાં ખળભળાટ મચી જવા પામી છે ત્યારે બીજી તરફ સગીરા જોડે સામુહિક દુષ્કર્મ આચરનાર આરોપીઓ હાલ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ત્યારે બીજી તરફ જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરના જણાવ્યા અનુસાર પોલીસ દ્વારા આ મામલે ગંભીરતા પૂર્વક લઇ આ મામલે તપાસ સોંપાઈ ગઈ છે. તેમજ ગુનાના કામમાં જરૂરી સીઆરપીસી ૧૬૪ મુજબ નિવેદનો, મેડિકલ રિપોર્ટ તેમજ જરૂરી પંચનામા કરી ફરિયાદી મહિલાનો વકીલ મારફતે સંપર્ક કરી ગુનામાં સંડોવાયેલ તમામ આરોપીને ઝડપી પાડવામાં આવશે ત્યારે સામૂહિક દુષ્કર્મના બે વર્ષ બાદ નામદાર કોર્ટના આદેશ બાદ છેલ્લા બે વર્ષથી ન્યાય માટે દર દર ભટકતી સગીરાને આખરે ન્યાયની એક આશ બંધાઈ છે. ત્યારે બીજી તરફ સગીરા જોડે પાશવી બળાત્કાર ગુજારનાર તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

## દાહોદની બે પરણિતાઓ પર થયેલ શારીરિક અને માનસીક ત્રાસ માટે ફરિયાદ નોંધાવી

દાહોદ,

દાહોદ શહેરમાં પરણિતા ઉપર અત્યાચારના બનેલા બે બનાવોમાં દાહોદ મહિલા પોલીસ મથકે બંન્ને પરણિતાઓ દ્વારા પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ આપતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

હાલ પોતાના પીયર દાહોદ શહેરના ગોડી રોડ ખાતે અગ્રસેન ભવન પાછળ રહેતી ૩૫ વર્ષીય પરણિતા વર્ષાબેન તુષારભાઈ ભાભોર દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, વર્ષાબેનના લગ્ન આશરે તેર વર્ષ પહેલા સમાજના રિતી રિવાજ મુજબ દાહોદ તાલુકાના આગાવાડા ગામે મોટા ફળિયામાં રહેતાં તુષારભાઈ નરેશભાઈ ભાભોર સાથે થયાં હતાં. વર્ષાબેનને લગ્નના એક વર્ષ જેટલું સારૂં રાખ્યા બાદ પતિ તુષારભાઈ અને સાસરીયા પક્ષના નરેશભાઈ મોતીભાઈ ભાભોર, નીરૂબેન નરેશભાઈ ભાભોર, ઉન્નતિબેન માનસીંગભાઈ ડામોરનાઓએ વર્ષાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતાં. તને બૈરી તરીકે રાખવી નથી, તું અમારા ઘરમાંથી નીકળી જા, તું અમને ગમતી નથી, તારા સંતાનમાં છોકરીઓ છે, તેમ કહી અવાર નવાર મેણાટોણા મારી વર્ષાબેનને શારિરીક અને માનસીક ત્રાસ આપી મારી નાંખવાની ધમકી આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા વર્ષાબેને પોતાના પતિ તથા સાસરીયાઓ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મહિલા અત્યાચારનો બીજો બનાવ પણ દાહોદ શહેરમાં બનવા પામ્યો હતો. જેમાં હાલ પોતાના પિયર દાહોદમાં દર્શના સોસાયટીમાં રહેતાં અનિતાબેન અલ્પેશભાઈ કિશ્ચન દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, અનિતાબેનના લગ્ન તારીખ ૦૮.૧૨.૨૦૦૬ના રોજ સમાજના રિતીરિવાજ મુજબ દાહોદ શહેરમાં ગોધરા રોડ સિધ્ધેશ્વરી સોસાયટીમાં રહતાં અલ્પેશભાઈ જયંતિભાઈ કિશ્ચન સાથે થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી પરણિતા અનિતાબેનને પતિ અલ્પેશભાઈ તથા સાસરી પક્ષના અલ્પાબેન જયંતિભાઈ કિશ્ચને સારૂં રાખ્યાં બાદ પ્રોત પ્રકાશ્યું હતું અને અવાર નવાર મેણા ટોણા મારી કહેતાં હતાં કે, તું ઘરમાંથી નીકળી જા, તું તારા બેનને ઘરે જતી રહે, તું તારા છોકરાઓનું જાતે પુરૂં કર, તારે આ ઘરમાં કોઈ હક્ક નથી, તેમજ કહી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં હતાં અને મારી નાંખવાની ધમકી આપતા આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા અનિતાબેન અલ્પેશભાઈ ક્રિશ્ચન દ્વારા પોતાના પતિ તથા સાસરીયા વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દે.બારીયાના ઝાપટીયા સેવનીયાના યુવકના લગ્ન ન થતાં પરિવારના બે વ્યકિત મેણાં મારતાં કુવામાં પડી આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ઝાપટીયા સેવનીયા ગામે યુવકના લગ્ન ન થતાં હોઈ અને પરિવારનાજ બે સદસ્યો દ્વારા યુવકને મેણાટોણા મારી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા ત્રાસથી કંટાળી ગયેલ એક યુવકે ગામમાં આવે કુવામાં મોતનો ભુસકો મારી આત્મહત્યા કરી લેતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ સંબંધે મૃતક યુવકની માતા દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તારીખ ૨૪/૦૯/૨૦૨૧ નાં રોજ બપોરના બે વાગ્યાના સમયે ઝાપટીયા સેવાનીયા ગામે રહેતાં જીતેન્દ્રભાઈ ગામમાં આવેલ એક કુવામાં મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લીધી હતી. જાણવા મળ્યાં અનુસાર, પરિવારના સુબતભાઈ તથા કમળાબેન એમ આ બંન્ને જણા મરણ જનાર જીતેન્દ્રભાઈને અવાર નવાર મેણાટોણા મારતાં હતાં અને કહેતાં હતાં કે, તમે અહીંથી જતાં રહો, કોઈ પૈસા નહીં મળે, જીતેન્દ્રકુમાર તારૂં લગ્ન પણ નહીં કરાવી આપીયે, તેમ કહી અવાર નવાર જીતેન્દ્રકુમાર શારિકી અને માનસીક ત્રાસ આપતાં હતા. ત્યારે ગતરોજ જીતેન્દ્રકુમારે ગામમાં આવેલ કુવામાં મોતની છલાંગ લગાવી આત્મહત્યા કરી લેતાં આ સંબંધે મૃતક જીતેન્દ્રકુમારની માતા દ્વારા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.31

## ગોધરા તાલુકાના ડોંકટરના મુવાડા, કઠોળીયા અને બેટીયા જંગલ માંથી

# ગેરકાયદેસર રીતે ખનિજ માફિયા દ્વારા માટી અને રેતીનું ખનન






- ડોંકટરના મુવાડા ગામે માટી ખનન ને લઈ ઈલેકટ્રીક થાંભલા અને રેલ્વે લાઈનને ભવિષ્યમાં નુકશાન થાય તેવી ભીંતિ.
- સરકારી તંત્રના ખોફ વગર બેફામ બનેલ ખનિજ માફિયાઓ સામે કાર્યવાહી થશે...?
- માટી ખનન કરી સ્ટોરેજ કરી મોટા વાહનો દ્વારા હેરફેર કરવાનો વ્યવસાય.

ગોધરા,

ગોધરા તાલુકાના ડોંકટરના મુવાડા કઠોળીયાના તળાવો તેમજ બેટીયા જંગલમાંથી ગેરકાયદેસર માટી ખનન કરવામાં આવી રહ્યું છે. ખનિજ માફિયાઓના ડરને લઈ સ્થાનિકો વિરોધ કરી શકતા નથી. ડોંકટરના મુવાડા ગામે ગેરકાયદેસર માટી ખનનને લઈ રેલ્વે લાઈન તેમજ ઈલેકટ્રીક વીજ થાંભલાઓને નુકશાન થાય તેવી સ્થિતી ઉદ્દભવી રહી છે. ત્યારે આવા ખનિજ માફિયાઓ ઉપર ખાણ-ખનિજ વિભાગ અને જીલ્લા વહીવટી તંત્ર લગામ લગાવે તે જરૂરી છે.

ગોધરા તાલુકામાં ગેરકાયદેસર માટી ખનન કરવાના કિસ્સાઓ પ્રતિદિન વધી રહ્યા છે. સરકારી જમીન માંથી ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર માટી ખનન કરીને સરકારની તિજોરીને લાખો રૂપીયાનું નુકશાન કરી રહ્યા છે. તેમ છતાં સ્થાનિક તંત્ર કે ખાણ-ખનિજ વિભાગ કાર્યવાહી કરતું ન હોવાની લોકબૂમો ઉઠવા પામી છે. ગોધરા તાલુકાના ડોંકટરના મુવાડા ગામના માટી અને રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. આ ગામોમાં સરકારી જમીનો માંથી વાવડી (ખુર્દ), ભામૈયા અને ગોધરાના કેટલાક ખનિજ માફિયાઓ દ્વારા માટી ખનનનો વ્યવસાય કરવામાં આવી રહ્યો છે. ખનિજ માફિયાઓ દ્વારા તળાવો અને જંગલો માંથી માટી અને રેતીનું ખનન કરીને ખુલ્લા ખેતરમાં સ્ટોરેજ કરવામાં આવે છે અને હાઈવા અને ટ્રક માંથી ભરીને સપ્લાય કરવામાં આવે છે. ખનિજ ચોરી કરતા તત્વો માથાભારે તેમજ રાજકીય પીઠબળ ધરાવતા હોવાથી સ્થાનિક લોકો વિરોધ કરી શકતા નથી. ભૂતકાળમાં રેતી અને માટી ખનનને અટકાવવાનો પ્રયાસ ખાણ-ખનિજ વિભાગના અધિકારી દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારે આ માથાભારે ખનિજ માફિયાઓ દ્વારા ખાણ-ખનિજ વિભાગના અધિકારીઓ સાથે ઝગડો તકરાર કરવામાં આવી હતી. આમ જ્યારે સરકરી અધિકારીઓને ખનિજ માફિયાઓ ધાકધમકી આપતા હોય ત્યારે સામાન્ય વ્યકિત તેમની સામે અવાજ ઉઠાવવાની હિંમત કરી શકે તેમ નથી. ડોંકટરના મુવાડા ગામે સરકારી જમીન માંથી માટી ખનન કરવામાં આવી રહયું છે. જેને લઈ અનેક સ્થળો એ ઈલેકટ્રીકટ થાંભલાઓ નમી પડયા છે. નજીક થી ગોધરા-આણંદ રેલ્વે લાઈન પસાર થાય છે. આ રેલ્વે લાઈનને પણ ગેરકાયદેસર માટી ખનનને લઈ ને ભવિષ્યમાં નુકશાન થઈ શકે છે. ત્યારે વહીવટી તંત્ર અને ખાણ-ખનિજ વિભાગ દ્વારા આવા ગેરકાયદેસર માટી ખનનની પ્રવૃતિ ઉપર રોક લગાવે તે જરૂરી છે.

## મોરવા(હ)ના સાલીયા સંતરોડ ચેકપોસ્ટ પાસે આઈસર ટેમ્પોમાં હરિયાણાથી લવાતો ૪૬ લાખનો દારૂ ઝડપ્યો



ગોધરા,

મોરવા હડફ પોલીસ દ્વારા સાલિયા સંતરોડ ચેકપોસ્ટ પરથી હરિયાણાથી લાવવામાં આવી રહેલો અધધધ... રૂ.૪૬.૬૫ લાખનો જંગી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા કુલ રૂ.૫૧.૭૭ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની અટકાયત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર મોરવા હડફ પોલીસ સ્ટાફને બાતમી મળી હતી કે, હરિયાણા રાજ્યમાંથી આઈશર ટેમ્પોમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને ગુજરાત તરફ લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે મોરવા હડફ પોલીસ દ્વારા સંતરોડ સાલીયા ગામ નજીક આવેલી ચેકપોસ્ટ પર નાકાબંધી ગોઠવવામાં આવી હતી. ત્યારે ૨૬ તારીખે સાંજના ચાર વાગ્યાના અરસામાં બાતમી મુજબનો આઈશર ટેમ્પો આવતા પોલીસ દ્વારા તેને રોકવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા આઈશર ટેમ્પોમાં ખોલીને તપાસ કરતા મેકડોવેલ્સ બ્રાન્ડની ૫૪૦૦ બોટલ ભરેલી ૪૫૦ પેટીઓ,ઓલ સીઝન ગોલ્ડન કલેકશન રિઝર્વ બ્રાન્ડની વ્હીસ્કીની ૪૮ પેટીઓમાં ભરેલી ૫૭૬ બોટલ એમ કુલ મળીને ૪૯૮ પેટીઓમાં ભરેલ ૫૯૭૬ વિદેશી દારૂની બોટલનો જંગી જથ્થો મળી આવ્યો હતો. જેની કુલ કિંમત રૂ. ૪૬.૬૫ લાખ હોવાની સામે આવ્યું હતું, પોલીસ દ્વારા આઈશર ટેમ્પા સાથે તાજારામ ભગારામ જાટ અને ભવરલાલ હેમારામ જાટ નામના બે શખસોને ઝડપી પાડ્યા હતા.પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રાથમિક પૂછપરછ દરમ્યાન બહાર આવ્યું હતું કે, એક અજાણ્યા આઈશરચાલક હરિયાણાના ગુડગાંવ સુધી દારૂનો જથ્થો લઈને આવ્યો હતો અને હરિયાણા રાજ્યના રાજુભાઈ જાટ નામના વ્યક્તિએ આ દારૂનો જથ્થો ભરીને આપ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસ દ્વારા ૪૬.૬૫ લાખનો વિદેશી દારૂનો જથ્થો, અંગજડતી દરમ્યાન મળી આવેલ રોકડ રૂ. ૧૦ હજાર, બે મોબાઈલ ફોન અને ૫ લાખની કિંમતનો આઈશર ટેમ્પો મળીને કુલ રૂ. ૫૧.૭૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને કુલ ચાર શખ્શો સામે મોરવા હડફ પોલીસમથકે પ્રોહીબિશનની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. બીજી તરફ આટલો મોટો જંગી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો કોણે મંગાવ્યો હતો અને કોને આપવાનો હતો તે દિશામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

## હાલોલના ધનકુવા ચોકડી પાસે નાકાબંધી કરી ફોરવ્હીલમાં લવાતો ૨૮ હજારનો દારૂ પોલીસે ઝડપ્યો

ગોધરા,

ગોધરા એલ.સી.બી.પોલીસ ઈન્સ્પેકટર કે.પી.જાડે જાને ખાનગી બાતમીદારથી ચોક્કસ બાતમી મળી હતી કે, હાલોલ તાલુકાના વાકંડીયા ગામે રહેતો રાજુભાઈ ખાતુભાઈ પરમાર તેની ફોર વ્હીલ ગાડી નંબર જી.જે.૬ ડી.બી. ૫૯૧૧માં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો હાલોલ તાલુકાના ઘાટાં ગામે રહેતા ધમેન્દ્રભાઈ લક્ષ્મણભાઈ બારીયા પાસેથી ભરી લઈને વાંકડીયા ગામે પોતાના ઘરે આવી રહ્યો છે. જે બાતમી આધારે પોલીસે હાલોલના ધનકુવા ચોકડી પાસે રોડ ઉપર નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન બાતમી વર્ણન મુજબની કાર ધનકુવા ગામ તરફના રોડથી અચાનક આવી જતા જે ગાડીને રોકવા સારૂ રોડ ઉપર જરૂરી આડાસો કરી ગાડી ઉભી રાખવા ઈસારો કરતા ગાડીના ચાલકે ગાડી ચોકડી પાસે ધીરી પાડી એકાએક પોલીસની નાકાબંધી જોઈ તેના કબજાની ગાડી પુર ઝડપે ભમરીયા ગામ તરફ જતા રોડ તરફ ભગાવી મુકી હતી. જે ગાડીને પકડવા પોલીસે પીછો કરતા વિદેશી દારૂ ભરેલી કાર મોટા ચાડવા ગામ પાસે આવેલા નાળા પાસે જતા રોડની સાઈડમાં ખાડામાં ઉતરી ગયેલ હાલતમાં પડી હતી.જે ગાડીની અંદર તપાસ કરતા કોઈ ઈસમ મળી આવ્યો ન હતો અને ગાડીમાંથી રૂ.૨૮,૦૨૦ ભારતીય બનાવટનો વિદેશી દારૂ તેમજ કાર મળી કુલ રૂ.૭૮,૦૨૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો.

## કાલોલ ખડકી પાસે છકડા માંથી પડી ગયેલ મેંદાપુર ગામના વૃધ્ધનું સારવાર દરમ્યાન મોત

કાલોલ,

કાલોલના મેંદાપુર ગામના ૬૫ વર્ષીય વૃધ્ધ નશીકપુર ગામે મરણ પ્રસંગમાં જવા માટે છકડામાં નિકળ્યા હતા. દરમિયાન છકડા માંથી પડી જતા ગંભીર ઈજાઓ સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના મેંદાપુર ગામે રહેતા રવજીભાઈ ભયજીભાઈ ડામોર ઉ.વ.૬૫ જે નશીકપુર ગામે મરણ પ્રસંગમાં ગામ માંથી છકડો ભાડે કરીને જવા નિકળ્યા હતા. ખડકી ટોલનાકા પાસે છકડા માંથી રયજીભાઈ ડામોર પડી જતાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. આ બાબત વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ-ગોધરા હાઈવે મધાસર પાસે રસ્તો ઓળંગતા વ્યકિતનું વાહને અડફેટે લેતા મોત

હાલોલ,

હાલોલ-ગોધરા હાઈવે પર મધાસર ગામ નજીક રસ્તો ઓળંગી રહેલા ઈસમને અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા તેનુ ઘટના સ્થળે મોત નીપજવા પામ્યુ હતુ.

મધાસર નજીક રસ્તો ઓળંગી રહેલા સાથરોટા ગામના શ્રમિક યુવાનને અજાણ્યા વાહનની અડફેટે વાગતા થયેલ ગંભીર ઈજાને લઈ તેનુ ઘટના સ્થળે મોત નીપજવા પામ્યુ હતુ. હાલોલ પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર અજાણ્યા વાહન ચાલકની ભાળ મેળવવાના ચક્રો ગતિમાન કર્યા હતા. અને મૃતદેહનુ પોસ્ટમોર્ટમ કરાવી તેના વાલી વારસોને સોંપ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર સાથરોટાના કિરણભાઈ ઉર્ફે નાનો મનુભાઈ પરમાર(ઉ.વ.૩૦) જી.આઈ.ડી.સી.માં છુટક મજુરી કરતો હતો તેને કોઈ અજાણ્યા વાહનની અડફેટે વાગતા ઉછાળીને રોડ પર પટકાતા તેને મોંઢામાં, માથાની પાછળના ભાગે ઈજાઓ થતાં તેનુ ઘટના સ્થળે જ મોત નીપજવા પામ્યુ હતુ. અકસ્માત કરી વાહન ચાલક નાસી છુટ્યો હતો. અકસ્માતને પગલે હાઈવે ઉપર મોટી સંખ્યામાં લોકો એકત્રિત થયા હતા. જ્યારે ઘટના અંગે મૃતકના કાકાના દિકરાએ ફરિયાદ નોંધાવતા હાલોલ રૂરલ પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## રાષ્ટ્રીય વયો યોજના અંતર્ગત લાભ લેવા ઈચ્છુક લાભાર્થીઓ નજીકના કોમન સર્વિસ સેન્ટર પર વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરાવી શકશે

ગોધરા,

ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ ઉજ્જૈન અને પચમહાલ જિલ્લા વહિવટીતંત્રના સંયુકત ઉપક્રમે સિનિયર સિટીઝનને શારીરીક સાધન સહાય મેળવવા નિશુલ્ક રજીસ્ટ્રેશનની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં ૬૦ વર્ષ કે તેથી વધુની ઉંમર ધરાવતા બી.પી.એલ કાર્ડધારક અથવા રૂા.૧,૮૦,૦૦૦/- થી નીચે વાર્ષિક આવક ધરાવતા વયોવૃધ્ધો માટે તેમની ઉમરના કારણે શારીરીક અક્ષમતા, ઓછી દ્રષ્ટી, સાંભળવાની ક્ષતિ, દાંતની તકલીફમાં મદદરૂપ બનતા સહાયક સાધન મેળવવા માટે નજીકના કોમન સર્વિસ સેન્ટરમાં વિનામુલ્યે રજીસ્ટ્રેશન કરી શકાશે. રજીસ્ટ્રેશન બાદ તાલુકા-કક્ષાએ નિષ્ણાંત તજજ્ઞો ચકાસણી કેમ્પનું આયોજન કરી તેમાં જરૂરીયાત અને નિષ્ણાંત તજજ્ઞનો અભિપ્રાય મુજબ લાયક ઠરેલ લાભાર્થીને વ્હીલચેર, શ્રવણયંત્ર, કૃત્રિમદાંત, ચશ્મા, વોકર, કાખઘોડી, વોકિંગ સ્ટીક વિથ સીટ, સર્વાઈકલ કોલર, ટ્રાઈપોડ, ટેટ્રાપોડસ,ફુટકેર કિટ,તથા સ્પાઈનલ સપોર્ટ સહિતના ઉપકરણનું જિલ્લા/તાલુકાકક્ષાએ વિતરણ કરવામાં આવશે. રજીસ્ટ્રેશન કરવા ઈચ્છુક લાભાર્થીએ ફોટોગ્રાફ, આધાર કાર્ડ/ચુંટણીકાર્ડ, બીપીએલ રેશનકાર્ડ/મનરેગા કાર્ડ અથવા વાર્ષિક રૂ.૧,૮૦,૦૦૦ ની મર્યાદાનો આવકનો દાખલો કે પછી ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજનાનો મંજુરી હુકમ જોડવાનો રહેશે એમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, ગોધરા જિ.પંચમહાલની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## પંચમહાલ જીલ્લાના તલાટીઓ પડતર માંગણીને લઈ પેન ડાઉન સ્ટ્રાઈક કરતા અરજદારો અટવાયા



ગોધરા,

ગુજરાત રાજય તલાટી કમ મંત્રી મંડળ દ્વારા પડતર પ્રશ્નોને લઈ વિવિધ દેખાવો કરવાનું આહવાન કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજરોજ પંચમહાલ જીલ્લા તલાટી કમ મંત્રી મંડળ દ્વારા ૨૭ સપ્ટેમ્બરના રોજ સેજાના સ્થળે હાજર રહી છે. કામકાજ થી અળગા રહી પેન ડાઉન સ્ટ્રાઈક કરવામાં આવી.

ગુજરાત રાજ્ય તલાટી કમ મંત્રી મંડળ દ્વારા વિવિધ પડતર માંગણીને લઈ સરકારમાં અવાર નવાર રજુઆત કરવામાં આવતી હોય તેવી માંગણીઓના યોગ્ય નિકાલ કરવામાં આવ્યો ન હોય જેને લઈ રાજયવ્યાપી વિવિધ પ્રકારના વિરોધ વ્યકત કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જેના ભાગરૂપે આજરોજ પંચમહાલ જીલ્લા તલાટી કમ મંત્રી મહામંડળની કારોબારીમાં પડતર માંગણીઓને લઈ દેખાવો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પંચમહાલ જીલ્લાના તલાટી કમ મંત્રી ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ પોતાના ફરજના સ્થળે હાજર રહીને કામકાજ થી અળગા રહીન પેન ડાઉન સ્ટ્રાઈક કરવામાં આવી હતી. જીલ્લાની ગ્રામ પંચાયતોમાં હાજર રહેલા તલાટી કમ મંત્રીઓ કામકાજ થી અળગા રહેતા પંચાયતમાં કામ અર્થે આવેલ અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. તલાટી કમ મંત્રી મહામંડળ દ્વારા આગામી ૧ ઓકટોમ્બર ૨૦૨૧ના રોજ તાલુકા પંચાયત કચેરી આગળ બેનરો સાથે વિરોધ પ્રદર્શન કરશે તેમજ તમામ ઓનલાઈન કામગીરી તેમજ મહેસુલી કામગીરીનો બહિષ્કાર કરવામાં આવશે. જીલ્લામાં તલાટી કમ મંત્રીઓ પડતર માંગણીઓને લઈ કામ થી અળગા રહી વિરોધને લઈ અરજદારો અટવાઈ પડયા છે.

## પંચમહાલમાં અનિયમિત વરસાદને લઈ ખેડુતોને ખેતીમાં થયેલ નુકશાન સર્વે કરી સહાય ચુકવવા જીલ્લા પંચાયત દંડક દ્વારા રજુઆત

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ખેડૂતોને થયેલ નુકશાન બાબતે આવેદનપત્ર એ.બી.પરમાર, જિલ્લા પંચાયત સદસ્ય, ખુમાનસિંહ ચૌહાણ પ્રમુખ ભારતીય કિસાન સંઘ, ગોપાલભાઈ પટેલ માજી ઉપપ્રમુખ જિલ્લા પંચાયત, પંચમહાલ અને ખેડૂતો સાથે જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી મારફતે સરકારમાં આપવામાં આવેલ. પંચમહાલ જિલ્લામાં ખેડૂતોએ પાકોનું ચોમાસું સિઝન વાવેતર કરેલ હતું. પરંતુ શરૂઆતમાં ઓછા વરસાદને કારણે તમામ પાકો અપૂરતા વરસાદને કારણે બળી ગયેલા અને માત્ર ૨૫% પાક બચેલ હતો અને ૭૫% પાક નાશ થવાથી ખેડૂતોને મોટું નુકસાન સહન કરવો પડ્યો. ત્યારબાદ ખેતરમાં ઉભો રહેલ બાકીનો પાક સપ્ટેમ્બર માસમાં સતત વરસાદને કારણે કોહવાઈ ગયેલ અને આ પાકોની સાથે સાથે બાગાયતી પાકોને પણ નુકશાન થયેલ અને પાકોનું સંપૂર્ણ ધોવાણ થઇ ગયેલ છે. હાલની મોઘવારીમાં બીયારણ, ખાતર, દવાઓ, ખેતમજૂરી, સહિત ખેતી બેન્કમાંથી ધિરાણ લઈ ખેતી કરેલ હોઈ અને ઉછીના નાણાં મેળવી ખેતીનો વ્યવહાર કરેલ હતો. જે પાક નિષ્ફળ જ્વાથી ખેડૂતોની આર્થિક સ્થતિ તંગદિલ બનેલ છે. પંચમહાલના ખેડૂતોના થયેલ નુકશાનનું સર્વે કરાવી સત્વરે સહાય ચુકવવા રજૂઆત કરેલ. જેથી આગામી સીઝનમાં ખેડૂતો ખેતી કરી શકે.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

## શહેરા તાલુકા પંચાયત કચેરીએ તલાટીઓ પડતર માંગણીને લઈને પેન ડાઉન કરી વિરોધ કર્યો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરી ખાતે ગ્રામ પંચાયત માં ફરજ બજાવતા તલાટીઓ એ પોતાના પડતર પ્રશ્નોને લઈને સોમવારના રોજ પેન ડાઉન કરીને વિરોધ કર્યો હતો. ગ્રામ પંચાયત કચેરી ખાતે તલાટીઓએ પોતાના પડ્તર પ્રશ્નોને લઈને પેન ડાઉન કરતા અનેક અરજદારો ના કામ અટવાયા હતા.

શહેરા સહિત જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રીઓના વિવિધ પડતર પ્રશ્નોનો ઉકેલ નહી આવતા રાજ્ય સરકાર સામે પોતાની નારાજગી દેખાડવા સાથે વિરોધ કરવામાં આવી રહયો છે. તાલુકા પંચાયત કચેરી ખાતે ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી ઓ એકત્રિત થઈને સોમવારના રોજ પેન ડાઉન કરીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો. તલાટી કમ મંત્રીઓ એ ગ્રામ પંચાયત કચેરી ખાતે ફરજના સમય દરમિયાન પેન ડાઉન કરતા અનેક અરજદારોના કામો અટવાયા હતા. જયારે ૧/૧૦/૨૧ના દિવસે તમામ તલાટીઓ સી. એલ મૂકીને તાલુકા પંચાયત કચેરી ખાતે બેનર સાથે દેખાવો કરી ને ઓનલાઈન કામગીરી તેમજ મહેસૂલી કામગીરીનો પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવે ત્યાં સુધી બહિષ્કાર કરનાર છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા તલાટી કમ મંત્રી મંડળ પોતાના પડતર પ્રશ્નોને લઈને અચોક્કસ મુદતની હડતાળ પર જાય તે પહેલા તેમના પડતર પ્રશ્નોનો નિકાલ કરે તે પણ જરૂરી છે.

## ગોધરા તાલુકાના ગામોમાં વિજ ઘાંધીયાને લઈ કોંગ્રેસ દ્વારા રજુઆત



ગોધરા,

ગોધરા તાલુકાના મોટાભાગના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ચાર -પાંચ માસ થી દિવસ અને રાત્રીના સમયે અચાનક વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જવાની સમસ્યાને લઈને આજે પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગોધરા એમ.જી.વી.સી.એલ.ના અધિક્ષક ઈજનેરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જેવા કે નદીસર, સામલી, ચંચોપા, વડેલાવ, બગીડોળ, અછાલા સહિતના ગામોમાં છેલ્લા ચાર-પાંચ માસ થી દિવસ અને રાત્રી દરમિયાન સામાન્ય વરસાદમાં વીજ લાઈન પર ફોલ્ટ થતા ગ્રામ્ય વિસ્તારોમાં કલાકો સુધી ખોરવાતા વીજ પુરવઠાને લઈ ને ગ્રામજનોને મુસીબત વેઠવી પડે છે. રાત્રીમાં સમયે વીજ પુરવઠો ખોરવાતા ઝેરી જીવજંતુનો તેમજ ચોરીનો ભય રહેતો હોય છે. આ તરફ દિવસ દરમિયાન વીજ પુરવઠો બંધ રહેતા નાના કામ ધંધા કરી પેટિયું રળતા વ્યક્તિઓને પણ નુકશાન થાય છે. ત્યારે હાલ ચાલતી કોંગ્રેસ પ્રેરિત કોવિડ ન્યાય યાત્રા દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાંથી વીજ પુરવઠાને લઈને વ્યાપક ફરિયાદો થતા પંચમહાલ જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ અજિતસિંહ ભાટીની આગેવાની હેઠળ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ગોધરા એમ.જી.વી.સીએલ. કચેરી ખાતે અધિક્ષક ઈજનેર ને આવેદન પત્ર આપી ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પ્રશ્નો તાત્કાલિક દૂર કરી ગ્રામ્ય જનતાને નિયમિત વીજ પુરવઠો મળી રહે તે બાબતે આવેદન પત્ર આપવામાં આવ્યું હતુ.